# બાળકોના રંગલાલા









લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

ભાગ-૧૬

# પ્રયાણગીત

'હરિદ્વારમાસાદ્ય કો વા વિમૂઢઃ
પરાવર્તતે જ્ઞાનદીપેન ગૂઢઃ ।'
ઈતિ પ્રાગવોચત્ સ્વકીયાન્ સકૃતઃ
પ્રયાતો ધરાયાઃ સ રંગાવધૂતઃ ॥

[હરિદ્વારને પ્રાપ્ત કરીને (હરિદ્વાર જઈને) જ્ઞાનરૂપી દીપક વડે ગૂઢ એવા વિમૂઢ (મૂઢતા વિહોણા) શું પાછા ફરે ખરા? એવો અભિપ્રાય જેમણે ભક્તોને પહેલાં આપી દીધો હતો તે (ભગવાન) રંગાવધૂત ધરા પરથી પ્રયાણ પામ્યા.]

કદા જાહ્નવી વારિવિચિષ્વદભ્રં
નિજાનન્દમેકં ભજિષ્યે નિરભ્રમ ।
ઈતિ વેક્ષમાણઃ ક્ષણં તે પ્રપૂતઃ
પ્રયાતો ધરાયાઃ સ રંગાવધૂતઃ ॥

[હું ક્યારે ગંગાજળના તરંગોમાં અનંત આકાશસ્વરૂપ એવા તે એકમાત્ર નિજાનંદનું સેવન કરીશ ? તેજ ક્ષણે પ્રતીક્ષા કરી રહેલા, પ્રકૃષ્ટપણે પવિત્ર એવા તે (ભગવાન) રંગાવધૂત પૃથ્વી પરથી પ્રયાણ પામ્યા]

(પ્રયાણગીતમાંથી અંશતઃ)

વિદ્યાભાસ્કર
શ્રીમણિશંકર વ. ઉપાધ્યાય

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

આવૃત્તિ : પ્રથમ
કારતકી અમાસ, ૨૦૬૪.
રવિવાર, તા. ૯-૧૨-૨૦૦૭.

પ્રત : ૧૦૦૦

**પ.પૂ. શ્રી રંગઅવધૂત મહારાજની પુણ્યતિથિ**

**પાંચ રૂપિયા**

# આશીર્વચન

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભકત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઇએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઈ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં પંદર પુસ્તકો તો પ્રકાશિત થઈ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૧૬ને હું આવકારું છું અને પ.પૂ. સદ્ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે

આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઈ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

બાળકોના રંગદાદા શ્રેણીના આ છેલ્લા પુસ્તકમાં પૂ.શ્રીના નારેશ્વરથી હરિદ્વારના પ્રવાસની કડીબદ્ધ વિગતો આપીને એમની લીલાનું કથામૃત પીરસ્યું છે એ બધાને ઉપયોગી થશે એમ માનું છું. આ બધી વાતો બાળકોને ઉપયોગી થશે એવી મનીષા.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

કોઠિયાખાડ, ૐ

તા.૨-૧૨-૨૦૦૭ **પ્રેમ**

# અભિવાદન

પ્રા. કુલીન ઉપાધ્યાય લિખિત 'બાળકોના રંગદાદા'નો આ  સોળમો ભાગ પ્રકાશ પાથરે છે. ચિ. નિર્જરી ભાગ્યશાળી છે કે રંગદાદા વિશે તેણે પોતાના દાદા પાસેથી બાલ ભોગ્ય વાતો સાંભળી અને પરિવારના અન્ય બાળકો પણ એ નિમિત્તે ભાગ્યશાળી થયાં.

પ્રા. કુલીનભાઈએ પ્રા. સુભાષ દવેના સહજ સુચનને સહજ રીતે જ ન લેતા એ દિશામાં વિચારીને લખવા માંડ્યું. જેને પૂ. ભાઈના આશિર્વાદ સાંપડ્યા અને બાળકોના રંગદાદા દત્તના સોળ આવિર્ભાવોની માફક સોળ ભાગમાં બહાર આવ્યા. એ જ શ્રેણીને ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની માફક ચોવીસ ભાગમાં પણ લંબાવી શકાય. રંગલીલાનો ક્યાં પાર આવે તેમ છે.

એનું કારણ છે. શ્રીકુલીનભાઈએ પૂ.શ્રી વિશે પૂ.ભાઈ પાસેથી, મુ. સુમનભાઈ લિખિત રંગલીલામૃતના પ્રસંગોને ધ્યાનથી વાંચી વાગોળ્યા છે અને એજ ચિ. નિર્જરીને સંભળાવ્યા છે.

એમની શૈલીમાં બાળકની નિર્દોષતા છે. સાથે સાથે બાળકની કુતુહલવૃત્તિને પોષક ભાથું છે. નાની મોટી સો ઉપરાંત કૃતિઓના લેખક સંપાદક તરીકે કુલીનભાઈ પરિવારમાં હાસ્ય રસ પિરસનાર કુલીનભાઈ પાસેથી પરિવાર ઘણું બધું મેળવી

શકે તેમ છે. પરિવાર માટે એ સુદિન જલદી આવે એવી મનીષા પૂ. બાપજી પાસે રજૂ કરી પ્રાર્થના કરુ છું અને એ સર્વ માટે કુલીનભાઇને અભિવાદન કરું છું.

સાહિત્ય સંગીત કલા પ્રવીણ:
પ્રેમાવધૂતસ્ય પદે સુલગ્ન: ।
સદૈવ પ્રાપ્નોતુ યશશ્ચ વિશ્વે
રંગ પ્રસાદાત્ પરમં કુલીન ॥

સાહિત્ય સંગીત કલા પ્રવીણ;
પ્રેમાવધૂત ચરણે સુલીન;
સદૈવ વિશ્વે યશ પ્રાપ્ત થાઓ,
રંગ પ્રસાદે પરમં કુલીન!

તા.૧૯-૧૧-૨૦૦૭

**ડૉ. ધીરુભાઇ જોષી.**
મેનેજિંગ ટ્રસ્ટી, નારેશ્વર

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં 'બાળકોના મોટા' એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો એ માટે એમનો આભારી છું.

આવકાર લખી આપવા બદલ શ્રી ધીરુભાઈ જોષીનો આભારી છું. ભાગ-૧૬નું પ્રૂફ તપાસી આપવા બદલ તેમજ સુધારા સૂચવવા બદલ મુ.શ્રી ધીરુભાઈ જોષીનો તથા મારા ધર્મપત્ની સૌ. અંજનીનો આભારી છું.

પૂ.શ્રી બ્રહ્મલીન થયા પછીના હરિદ્વારના તથા અતિંમયાત્રાના ફોટાની સેવા આપવા બદલ સ્નેહી શ્રી બિપીનભાઈ અમૃતલાલ પંડ્યાનો તથા સૌ. દક્ષાબેન પંડ્યાનો (ડૉ. રતિલાલ પંડ્યાની દીકરી)નો આભારી છું.

રંગમંદિર, નારેશ્વરના ફોટા માટે મુ. શ્રી અનિલભાઇ શ્રોફનો આભારી છું.

બાળકોના રંગદાદાની શ્રેણીનો આ છેલ્લો ભાગ છે જે શ્રી રંગલીલાકથામૃત સમાન છે.

આ શ્રેણીના સોળ ભાગો તૈયાર કરવામાં ગ્રાફિક્સ રાજેન્દ્ર ઉપાધ્યાય, પ્રિન્ટર્સ શ્રી ઇન્દ્રવદનભાઇ પટેલ, પુસ્તકોના વેચાણમાં મદદ કરનાર મુ.શ્રી ધીરુભાઇ મહેતા અને મુ.શ્રી કાન્તિભાઇ દવેનો તેમજ અન્યરીતે મદદરૂપ બનનારા હરેક વ્યક્તિનો આભારી છું. વાચકોના સૂચનો આવકારું છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

।

અમદાવાદ લિ.

તા. ૫-૧૨-૨૦૦૭. **કુલીન ઉપાધ્યાય**

(૯૮૨૪૫૦૪૨૦૬)

# બાળકોના રંગદાદા

## (૧)

## નર્મદે હરથી હરહર ગંગે

પ.પૂ. રંગ અવધૂત બાપજી સને ૧૯૨૫માં 'મા નર્મદા'ને કિનારે આવીને વસ્યા.

તપશ્ચર્યા- યોગ માટે નર્મદાનો કિનારો ખૂબ અનુકૂળ ગણાય.

"રેવા તટે તપઃ કુર્યાત્ મરણં જાહ્નવિ તટે।" એ ઉક્તિ અનુસાર માણસે રેવાકિનારે તપશ્ચર્યા કરવી જોઈએ અને ગંગા કિનારે દેહ ત્યાગ કરવો જોઈએ.

તપશ્ચર્યાર્થે પૂ.શ્રી ૧૯૨૫માં આવ્યા ત્યારથી સને ૧૯૬૮ સુધી રેવા તટે જ વસ્યા.

નર્મદાને 'માતા' માની અને પોતાની 'માતા'ને ભગવાન માન્યા.

નારેશ્વરના નાથ તરીકે બધે ખ્યાતી પામ્યા.

એમના પદરજથી ધરતી માતા પણ પાવન થઈ.

૪૩ વર્ષનો સમય નર્મદાકાંઠે ગાળ્યો.

મા નર્મદા તો રાજી રાજી થઈ ગઈ.

આવો દત્તાવતારી યોગીપુરુષ પોતાને કાંઠે વસ્યો એટલે સૌને પાવન કરનારી મા નર્મદાને પણ એમ થતું કે હું પણ પાવન થઇ ગઇ.

જેનો હરેક કાંકરો- હર કંકર- શંકર ગણાય એવી મા નર્મદાનું મન પ્રફુલ્લિત હતું.

ગંગા પાને, યમુના સ્નાને અને રેવા દર્શનમાત્રે પાવન કરનારી ગણાય છે.

ગંગાજીના જળનું પાન કરવાથી વ્યક્તિ પવિત્ર થાય, યમુનાજીમાં સ્નાન કરવાથી વ્યક્તિ પવિત્ર થાય જ્યારે રેવાના તો દર્શન માત્રથી વ્યક્તિ પવિત્ર થઇ જાય.

પૂ. અવધૂતજીના ગુરુ સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ ગંગાતટે વિહરતા હતા.

ગંગાજી ખુશ હતા.

મા નર્મદાની પ્રાર્થના સાંભળી ભગવાને સ્વામી મહારાજને નર્મદા કિનારે જવાની આજ્ઞા કરી.

સ્વામી મહારાજ ભગવાનની આજ્ઞાવશ નર્મદા કિનારે આવ્યા અને બધે ફર્યા.

છેવટે ગરુડેશ્વરમાં દેહલીલા સંકેલી લીધી.

મા ગંગાએ ભગવાનને પ્રાર્થના કરી.

તું અવધૂતને મારે કિનારે મોકલ.

અને ભગવાનની ઈચ્છા અને યોજનાના એક ભાગરૂપે અવધૂતજી ગંગાકાંઠે હરિદ્વારમાં આવ્યા.

નારેશ્વર છોડ્યું ત્યારે હરિદ્વાર જવાની યોજના ન હતી. પોતાના ગુરુબંધુ ગાંડા મહારાજના સમાધિસ્થળ ગુંજ જવાની વાત હતી.

પણ ધાર્યું હરિનું થાય તેમ પૂ.શ્રી મા ગંગાને રાજી રાખવા, સંતોષ આપવા માટે ગુંજને બદલે ગંગાદ્વાર- હરિદ્વાર ગયા.

હવે પછીના પ્રસંગો નારેશ્વરથી હરિદ્વારની આખરી યાત્રાને લગતા પ્રસંગો છે.

●

## (૨)

## નારેશ્વરથી પ્રયાણ

સંવત ૨૦૨૪ની આસો સુદી પૂનમ.

આ પૂનમને શરદપૂનમ પણ કહેવાય.

ઘણાં એને માણેકઠારી પૂનમ પણ કહે.

સંવત ૨૦૨૪ની શરદપૂર્ણિમા ને તા. છઠ્ઠી ઓક્ટોબર, ૧૯૬૮ના રોજ પૂ.શ્રી નારેશ્વરથી નીકળી નડિયાદ જવાના હતા.

પરંતુ સર્વધર્મકર્મના આચાર્ય, રાજપીપળાના પરમ રંગભક્ત મુ. શિવપ્રસાદ જોષીએ પૂ.શ્રીને પ્રાર્થના કરી કે શરદપૂર્ણિમાના રોજ ચંદ્રગ્રહણ છે એટલે આપ શરદપૂર્ણિમાના ગ્રહણ પછી નીકળો તો સારું.

પૂ.શ્રીએ એમની પ્રાર્થના સ્વીકારી.

પૂ.શ્રીની તબિયત નાદુરસ્ત હતી એટલે પ્રવાસ ખૂબ જ કાળજીપૂર્વક કરાવવાનો હતો.

આસો વદ પડવો ને સોમવાર તા. ૭-૧૦-૧૯૬૮ના રોજ નારેશ્વરથી નીકળવાનું નક્કી થયું.

શરદપૂનમના રોજ ચંદ્રગ્રહણ હતું.

ચંદ્રગ્રહણને કારણે ઘણાં લોકો પૂ.શ્રીના દર્શને આવેલાં.

ગ્રહણ પૂરું થયા પછી પૂ.શ્રીને નર્મદાજળથી સ્નાન કરાવ્યું.

રાત્રે ૧૧ વાગે સામાન ગોઠવ્યો.

પૂ.શ્રીએ સૂચના આપી હતી એ પ્રમાણે ઓછામાં ઓછો સામાન રાખ્યો હતો.

પૂ.શ્રી નારેશ્વરથી નીકળીને નડિયાદ જવાના હતા.

નડિયાદમાં શિવાભાઈ વૈદ્યને ત્યાં મુકામ રાખવાનો હતો.

નડિયાદથી શિવાભાઈ વૈદ્ય પૂ.શ્રીને લેવા માટે આવ્યા હતા.

આ શિવાભાઇ વૈદ્યના પિતા શ્રી જગન્નાથભાઇ વૈદ્ય 'બાલસાથી' નામની બાળકોની દવાથી ખૂબ પ્રખ્યાતી પામ્યા હતા એટલે 'બાલસાથીવાળા' તરીકે ઓળખાતા હતાં.

આસો વદી પડવો ને સોમવાર તા. ૭-૧૦-૧૯૬૮.

રાત્રે બે વાગે પૂ.શ્રી ઊઠ્યા.

પૂ.શ્રીને ભકતોએ સ્નાન કરાવ્યું.

નારેશ્વરથી મળસ્કે ચાર વાગે નીકળવાનું હતું.

પૂ.શ્રી સમયપાલનના ચૂસ્ત આગ્રહી હતા.

નારેશ્વરથી નાની ગાડીમાં બેસી મિયાંગામ જવાનું હતું અને મિયાંગામથી લોકલ દ્વારા નડિયાદ જવાનું હતું.

પૂ.શ્રી નારેશ્વરથી નારેશ્વરરોડ સુધી વાહન દ્વારા જવાના હતા.

સામાન્યત: પૂ.શ્રી મોટી કોરલ થઈને જ ગાડીમાં બેસતા.

નારેશ્વરથી નારેશ્વરરોડ સુધી જવા માટે વાહનનો ઉપયોગ કરતા નહિ.

જવું પડે તો પગે ચાલીને જ જતા.

નાદુરસ્ત તબિયતને કારણે રબર ટાયરની ગાડીમાં નારેશ્વરરોડ સ્ટેશને જવાના હતા.

પૂ.શ્રી મળસ્કે ચાર વાગે નવી ગુફામાંથી બહાર નીકળ્યા.

શ્રીપાદ શ્રીવલ્લભ ભગવાનનાં દર્શન કર્યાં.

માતૃસ્મૃતિ શૈલના દર્શન કર્યાં.

નારેશ્વરના મહાદેવના દર્શન કર્યા અને શણગારેલી ગાડીમાં બેઠા.

નારેશ્વરથી નીકળતા નીકળતા મજાકમાં મુ. મોદીકાકાને કહ્યું: "જો મોદી, આ ખલતામાં કશું લઈ જતો નથી. આ ખલતો ખાલી જ છે."

નારેશ્વરના ભક્તો વિદાય આપવા સાથે આવ્યા.

પૂ.શ્રીએ ગુરુમહારાજનું સ્મરણ કર્યું અને સરસ શણગારેલી રબર ટાયરવાળી ગાડીમાં બેઠા.

•

## (૩)

## નારેશ્વરથી નડિયાદ

પૂ.શ્રીને સરસ શણગારેલી રબર ટાયરની ગાડીમાં બેસાડ્યા.

રબર ટાયરની ગાડીમાં ખુરશી મૂકવામાં આવી.

પૂ.શ્રીની તબિયત સારી ન હતી એટલે એમને ભક્તોએ સંભાળપૂર્વક ખુરશીમાં બેસાડ્યા.

વાતાવરણ ગંભીર હતું.

પૂ.શ્રીને વિદાય આપવાનું કોને ગમે?

ભક્તો દુ:ખી દિલે વિદાય આપવા આવ્યા હતા.
ટાયર ગાડીને ભક્તો ખેંચીને લઇ જવાના હતા.
આસો વદ પડવો હતો.
જોડે પેટ્રોમેક્સ રાખી હતી.
રુકમામ્બા માતની જય, રંગ અવધૂત મહારાજની જય એવા જયકાર સાથે ભક્તોએ ગાડી ખેંચવાનું શરૂ કર્યું.
'દિગંબરા દિગંબરા શ્રીપાદ વલ્લભ દિગંબરા'ની ધૂનની ગર્જના સાથે પૂ.શ્રીને લઇને ભક્તોએ ગાડી ખેંચવાની શરૂઆત કરી.
થોડીવારમાં પૂ.શ્રીની ગાડી નારેશ્વરરોડ સ્ટેશને આવી પહોંચી.
મોટી કોરલથી ઉપડેલી નેરોગેજ ગાડી નારેશ્વરરોડ આવી પહોંચી.
પૂ.શ્રીને ધીમેથી ફર્સ્ટક્લાસમાં બેસાડ્યા.
જોડે ભક્ત શિવાભાઈ વૈદ્ય પણ બેઠા.
બીજા ભક્તો પણ પોતપોતાના સ્થાને બેઠા.
દત્તાવતારી નારેશ્વરના સંતને પોતે મિયાંગામ લઈ જઇ રહી છે એ જાણ થતાં જ રેલવેગાડી હરખાતી હરખાતી દોડવા લાગી.
ગાડીના આનંદનો પણ પાર ન હતો.
ગાડી મિયાંગામ આવી પહોંચી.

'અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત'ની ગર્જના થઇ.
મિયાંગામ ભક્તોની ભીડ જામી હતી.
ગુરુમહારાજના દર્શનાર્થે ગાડી આવે તે પહેલાં બધા આવી ગયા હતા.
સુરત તરફથી અમદાવાદ તરફ જતી લોકલને આવવાની વાર હતી.
પૂ.શ્રીને મિયાંગામના સ્ટેશને પ્લેટફોર્મ ઉપર લીમડાના ઝાડ નીચે ખુરશીમાં બેસાડ્યા.
પોર ગામના કેટલાક ભક્તો અહીં આવ્યા હતા.
વડોદરાના પણ કેટલાક ભક્તો પૂ.શ્રીના દર્શને આવ્યા હતાં.
એ લોકો આ જ લોકલમાં સાથે જવાના હતા.
વિરમગામ લોકલ આવી.
ફર્સ્ટક્લાસના ડબ્બામાં બધા ગોઠવાયા.
ભક્તોના હૈયામાં હરખનો પાર ન હતો.
ગાર્ડે પૂ.શ્રીની આજ્ઞા માગી અને ગાડી ઉપાડવા માટે સીટી મારી.
નારેશ્વરરોડથી મિયાંગામ આવેલી ગાડીને નાની બહેન ગણીએ તો વિરમગામ લોકલને મોટી બહેન કહેવી પડે.
મોટી બહેનના આનંદનો પણ પાર ન હતો.
લોકલ એટલે બધા સ્ટેશને ઊભી રહે.

બધાને દર્શનનો લાભ મળે.

વડોદરા અને આણંદ ભક્તોને દર્શનનો લાભ આપી ગાડી બપોરે પોણા બે વાગે ઉત્તરસંડા આવી.

પૂ.શ્રીની તબિયત સારી ન હોવાથી પૂ.શ્રીને ઉત્તરસંડા ઉતાર્યા.

નડિયાદ ભક્તોની ભયંકર ભીડ હોય એટલે ઘણી અવ્યવસ્થા થઇ જાય એ બીકે પૂ.શ્રીને ઉત્તરસંડા ઉતાર્યા અને ત્યાંથી બે ઘોડાની શણગારેલી ગાડીમાં બેસાડી નડિયાદ લાવ્યા.

ઘણીવાર ભક્તોની ઘેલછા કે વેવલાઈ ભગવાનને મૂંઝવી દે છે.

એવું ન થાય એટલે ભક્તોની જાણ બહાર પૂ.શ્રીને ઉત્તરસંડાથી નડિયાદ શાંતિથી લાવ્યા.

●

# (૪)

# મારા હૈયા કેરો હાર

પૂ.શ્રીની નાદુરસ્ત તબિયત.

ભક્તોની દર્શન માટે પડાપડી.

ભક્તોની ભક્તિને પહોંચી વળાય પણ ઘેલછા અને વેવલાઈ મુશ્કેલીમાં મૂકે.

વાસ્તવિકતાનો સ્વીકાર કરીને રસ્તો શોધે તે ડાહ્યો અને હોશિયાર.

શ્રી શિવાભાઈ આવા સમજુ અને હોશિયાર ભક્ત હતા.

પૂ.શ્રી નડિયાદ ઉતરશે એવી ધારણાથી ભક્તોની ભારે ભીડ જામી હતી.

એમની જાણ બહાર પૂ.શ્રીને ઉત્તરસંડા ઉતાર્યા.

પૂ.શ્રીને ખુરશીમાં બેસાડ્યા.

પૂ.શ્રીને સામા પ્લેટફોર્મ પર લઈ જવાના હતા.

ચાર ભક્તોએ ખુરશી ઉંચકી.

ગુરુમહારાજને તકલીફ ના પડે એ રીતે એમને સામા પ્લેટફોર્મ પર લઈ ગયા.

ઉત્તરસંડા નાનું ગામ.

ભક્તોની ભીડ નહિ એટલે શાંતિથી પૂ.શ્રીને સ્ટેશન બહાર ઊભી રાખેલી બગીમાં બેસાડ્યા.

ભક્તરાજ શિવાભાઈએ બે મોટરની વ્યવસ્થા કરી હતી.
પૂ.શ્રી માટે બે ઘોડાની સુંદર શણગારેલી ઘોડાગાડીની વ્યવસ્થા રાખી હતી.
ભક્તોને મોટરમાં બેસાડ્યા.
પૂ.શ્રીને બગીમાં બેસાડ્યા.
આ બાજુ નડિયાદ સ્ટેશને ભક્તો લોકલની રાહ જોતા હતાં તો આ બાજુ પૂ.શ્રી બગીમાં બેસીને ભક્તોની મોટરો સાથે નડિયાદ શિવાભાઈ વૈદ્યને ત્યાં જઈ રહ્યા હતા.
ઘણીવાર ભગવાનને તકલીફ ન પડે એ હેતુથી ભક્તોની નારાજગી વહોરવી પડે છે.
પૂ.શ્રી માટે બધું સહન કરવાની તૈયારી રાખે તે જ સાચો ભક્ત.
અને ભક્તરાજ શિવાભાઈ વૈદ્ય આ પ્રકારના ભક્ત હતાં.
પૂ.શ્રી શિવાભાઈના ઘરે આવી પહોંચ્યા.
મુકામ મેડા ઉપર હતો એટલે ખુરશીમાં બેસાડી પૂ.શ્રીને ઉપર લાવ્યા.
પૂ.શ્રીએ સ્નાન કર્યું.
દૂધની ભિક્ષા લીધી અને પછી ભક્તોનું દર્શનસત્ર શરૂ થયું.
ભક્તોનો અપૂર્વ ઉત્સાહ અને અભૂતપૂર્વ ધસારો.

રાત્રે આઠ સુધી દર્શનસત્ર ચાલુ રહ્યું.
ભક્તરાજ શિવાભાઇના હૈયામાં હરખ માય નહિ.
આખું કુટુંબ સ્વર્ગનું સુખ અનુભવવા લાગ્યું.
પોતાના ઈષ્ટદેવની પધરામણીથી અવર્ણનીય આનંદ થાય એ સ્વાભાવિક હતો.
હૃદયનો ભાવ ઊંચો.
પોતાના હૈયાનો હાર એવા ગુરુમહારાજ પધાર્યા અને નિરાંતે રહેવાના છે એ વિચારથી જ મનમંદિરમાં આનંદના ઝાલર વાગવા લાગે તે સ્વાભાવિક છે.
દર્શનસત્ર પૂ રું થયું.
પૂ.શ્રીનું શરીર પણ થાક અનુભવતું હતું.
પૂ.શ્રીને આરામ મળે એ હેતુથી બધાને વિદાય આપી.
રાત્રે પૂ.શ્રીને સાધારણ નિદ્રા આવી.
સેવામાં ભજન ભાસ્કર સુમનભાઈ હતા.
એમને સ્કૂલમાં દિવાળી વેકેશન હતું.
વેકેશન પૂરું થાય એટલે સેવામાંથી છૂટી મળવાની હતી.
એમનો સેવાનો હવાલો ડૉ. રતિલાલ પંડ્યા સંભાળવાના હતા.
પોતાનું સર્વસ્વ એવા ગુરુમહારાજને વંદન કરી ભક્તરાજ શિવાભાઈ અને સમગ્ર કુટુંબ પોતાની પ્રવૃત્તિમાં લાગી ગયું.

●

# (૫)

# દેવ આવ્યા- દિવાળી લાવ્યા

પૂ.શ્રી આસો વદ એકમ ને સોમવાર તા. ૭-૧૦-૧૯૬૮ના રોજ નડિયાદ આવ્યા.

બીજે દિવસે મંગળવારે શિવાભાઇના કુટુંબે વહેલી સવારે પૂ.શ્રીનાં પૂજન-અર્ચન કર્યા.

ત્યારબાદ પ્રાત:સ્મરણ, દત્તબાવની વગેરે થયાં.

દર્શન માટે ભક્તોની ભીડ જામી હતી.

દર્શનસત્ર શરૂ થયું.

પૂ.શ્રીના દર્શન માટે પૂ.શ્રી હરિ ૐ મોટા સવારે આઠ વાગે પધારવાના છે એવો ફોન આવ્યો.

જોડેના હોલમાં બે ખુરશીઓ સજાવીને મૂકી.

હોલ તો પહેલેથી જ શણગારેલો હતો.

સવારે સાડા આઠ વાગે પૂ.શ્રી મોટા પધાર્યા.

બંને સંતોનું દિવ્ય મિલન દર્શનીય હતું.

બંને સંતો આત્મીયતાથી વાતો કરવા લાગ્યા.

પૂ.શ્રી શિવાભાઇને ત્યાં દસ દિવસ રોકાયા.

એ દરમ્યાન દત્તાવતારી એવા પ.પૂ.શ્રી સંતરામ મહારાજના મંદિરે- સમાધિ સ્થાનના- દર્શને ગયા હતા.

એ સમયે મહંત જાનકીદાસજી ગાદી પર બિરાજમાન હતા.
ત્યાં પણ સંતોનું મિલન બધાને આનંદ આપી ગયું.
કારતક સુદ અગિયારસથી દિવાળીના દિવસો શરૂ થાય.
લીંચ જવાનું નક્કી કરવા પૂ.શ્રીએ બચુભાઇને નડિયાદ બોલાવેલા.
તે પણ સવારે આવીને લીંચ જવાની વાત કરીને સાંજે પરત થયેલા.
પૂ.શ્રીને શિવાભાઈએ દિલથી આગ્રહ કર્યો કે બાપજી! આવ્યા છો તો દિવાળીમાં અહીં જ રહોને! દિવાળીમાં ક્યાં જવાના?
પૂ.શ્રીએ કહ્યું: દિવાળી એટલે શું? દારૂખાનું ફોડવાનું, મીઠાઇ ખાવાની અને દીવા કરવાના. બીજું શું? મેં કપડવંજવાળાને વાયદો કર્યો છે અને વચન આપ્યું છે તેથી જવું જ પડે.
આસો વદ દશમ ને બુધવારે શિવાભાઈએ દીવા કર્યા, મીઠાઇ વહેંચી અને દારૂખાનું ફોડાવ્યું અને દેવની હાજરીમાં દિવાળી ઉજવી.
દિવાળી એક દિવસ વહેલી આવી.
દેવ આવ્યા એટલે દિવાળી થઇ ગઇ કહેવાય.

પૂ.શ્રી આસો વદ એકમથી આસો વદ દશમ સુધી શિવાભાઈને ત્યાં રહ્યા અને આનંદ આનંદ કરાવી દીધો.

આસો વદ અગિયારસ ને ગુરુવાર તા. ૧૭-૧૦-૧૯૬૮.

સવારે નિત્યક્રમ થયો.

સવારે ૯ વાગે પૂ.શ્રીએ શિવાભાઈના ઘરેથી વિદાય લીધી.

સુખડિયા ગરબડદાસ બાપુજી, મંગુભાઈને ત્યાં પધાર્યાં.

મંગુભાઈને ત્યાંથી પૂ.શ્રી મોટાના આશ્રમે ગયા.

ત્યાં મૌનમંદિર જોયું.

ત્યાંથી પૂ.શ્રી બળદગાડામાં બેસી આઠ કિલોમીટર દૂર આવેલા અરેરા ગામે ગયા.

અરેરામાં રંગભક્ત મણિભાઈને ત્યાં મુકામ કર્યો.

બીજે દિવસે ગુરુદ્વાદશીનો ઉત્સવ થયો.

શ્રીપાદ શ્રીવલ્લભની પુણ્યતિથિનો દિવસ.

લોકો વાઘબારસનો ઉત્સવ મનાવે.

ગુરુદ્વાદશીનો ઉત્સવ ઉજવી પૂ.શ્રી ધનતેરસ-આસો વદ તેરસ ને શનિવાર તા. ૧૯-૧૦-૧૯૬૮ના રોજ કપડવંજ જવા નીકળ્યા.

કપડવણજ- કપડવંજમાં પૂ.શ્રીએ છેલ્લી દિવાળી ઉજવી.

●

(૬)

# કપડવંજમાં દિવ્યલીલા

બોલેલું પાળે તે સંત.

કપડવંજને વાયદો કર્યો તો પાળી બતાવ્યો.

અરેરાથી પૂ.શ્રી બળદગાડામાં મહુધા સ્ટેશને આવ્યા.

મહુધાથી રેલ્વે દ્વારા કપડવંજ આવ્યા.

નડિયાદ-કપડવંજ નેરોગેજ ગાડીમાં કપડવંજ એ છેલ્લું સ્ટેશન.

પૂ.શ્રી તરત બોલી ઊઠ્યા: "આપણું છેલ્લું સ્ટેશન આવી ગયું."

ધનતેરસ અને કાળીચૌદસ ભેગા હતાં.

દિવાળીના દિવસોમાં દેવની પધરામણી એટલે જાણે કે દેવ-દિવાળી.

દેવ અને દિવાળી બંને ભેગા થયાં.

પૂ.શ્રી કપડવંજના ભક્તોનો ભાવ જોઈને રાજી થયાં.

પૂ.શ્રી પ્રત્યેની એમની ભાવના પણ ધ્યાન ખેંચે એવી હતી.

કપડવંજમાં પૂ.શ્રીનો પ્રથમ મુકામ મુંબઈના શેઠ શ્રી વાડીલાલને ત્યાં હતો.

વાડીલાલ શેઠના શેઠવાડામાં આવેલા નિવાસસ્થાન શ્રીરંગ મંદિરમાં પૂ.શ્રી બિરાજ્યા.

આખું ગામ શણગારવામાં આવ્યું હતું.

કાપડીઆએ કાપડના તોરણો બનાવ્યા તો કંસારાએ વાસણના તોરણો બનાવી બાંધ્યા હતા.

શોભાયાત્રા નીકળી.

પૂ.શ્રીની શોભાયાત્રાની શોભા ન્યારી જ હોય.

શોભાયાત્રા નારણદેવ મંદિર- ગોકુલનાથજીના મંદિરના રસ્તે દેસાઇવાડા થઇ ત્રિવેણીપાર્કના મેઘદૂત બંગલે પહોંચી.

મેઘદૂત બંગલાના માલિક શ્રી બાબુભાઇ જૈનને ત્યાં પૂ.શ્રીનો મુકામ હતો.

પૂ.શ્રી લાભપાંચમ સુધી રોકાવવાના હતા.

કપડવંજને લાભપાંચમનો અનેરો લાભ મળ્યો.

ભક્તોએ પૂ.શ્રીને ચાંદીના રથમાં બેસાડી શોભાયાત્રા કાઢી.

કપડવંજમાં પૂ.શ્રીએ ઘણી લીલાઓ કરી.

એનું વર્ણન કરવું ઉચિત નથી.

એક દિવસ પૂ.શ્રીએ પોરના ગોવિંદભાઇ ઉપાધ્યાયને યાદ કર્યા.

ત્યાં બીજે જ દિવસે ગોવિંદભાઇ દર્શન માટે અચાનક આવી ચઢ્યા.

પહેલા પૂ.શ્રી કપડવંજથી લીંચ જવાના હતા એટલે એમણે નારેશ્વરથી જ લીંચના એક ભાઇ સાથે મોજા, ગરમ ટોપી અને ચ્યવનપ્રાશ (ચાટણ) વગેરે મોકલી દીધું હતું.
પરંતુ એકાએક હરિદ્વાર જવાનું નક્કી થયું એટલે લીંચના બચુભાઇને બ્લેન્કેટ લઇને કપડવંજ આવવા જણાવ્યું.
મુ. બચુભાઇએ તો બ્લેન્કેટ ઉપરાંત મોજા, ગરમ ટોપી અને ચ્યવનપ્રાશ પણ સાથે લીધાં અને કપડવંજ પહોંચી ગયા.
પૂ.શ્રીએ બદલાયેલા કાર્યક્રમના સંદર્ભમાં લીંચના ભક્તોને સાબરમતી આવવા જણાવ્યું અને કહ્યું કે: "સાબરમતી આવો ત્યારે ચાટણ લેતા આવજો."
મુ. બચુભાઇએ કહ્યું કે "એ તો હું લાવ્યો જ છું."
એ સાંભળી પૂ.શ્રી ખુબ જ ખુશ થઇ ગયા.
પોતાના હાથનો અંગૂઠો અને તર્જનીની ભંગી કરી પ્રસન્નતાથી બોલ્યા: "ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!!"
એક ભક્તે પૂ.શ્રીને પૂછ્યું: "બાપજી! હરિદ્વાર જઇને પાછા કપડવંજ આવશોને?"
પૂ.શ્રીએ જવાબ આપ્યો: "હરિદ્વાર ગયેલો કોઇ પાછો આવ્યો છે?"

ભક્તોની માંગણીને સ્વીકારીને પૂ.શ્રીએ નીચે મુજબના લેખિત આશીર્વાદ આપ્યા:

"તમારો બધાનો પ્રેમ જોઇ- ભાવના જોઈ મને ઘણો આનંદ થયો છે. તમારો આ ધર્મપ્રેમ ને ભજનનો ઉત્સાહ ઉત્તરોત્તર વધતો રહે ને પ્રભુ તમારી હરેક હાલતમાં સાથે રહે એવી મારી અંતરની શુભ આશિષ છે."

તા. ૨૭મી ઓક્ટોબર ને રવિવારના રોજ પૂ.શ્રી કપડવંજથી રેલવે દ્વારા નડિયાદ આવ્યા અને નડિયાદથી પૂ.શ્રી લોકલ દ્વારા અમદાવાદ જવા વિદાય થયા.

પૂ.શ્રીનું શરીર સારું ન હતું એટલે બધે જ ખુરશીમાં બેસાડીને જ એમને લઈ જવામાં આવતા હતા.

ગુંજ જવાની યોજનાને બદલે હરિદ્વાર તરફનું પ્રયાણ નિશ્ચિત બન્યું.

નડિયાદથી પૂ.શ્રી રેલવે દ્વારા અમદાવાદ આવ્યા.

એક રાત્રિ અમદાવાદમાં ગાળી.

●

# (૭)

## અમારે આંગણે આવ્યા અવધૂતજી

કપડવંજમાં દિવાળી થઇ.

ભક્તોની ઇચ્છાનુસાર લેખિત આશીર્વાદ આપ્યા.

રવિવાર ને તા. ૨૭મી ઓક્ટોબર, ૧૯૬૮.

સંવત ૨૦૨૫ની કારતક સુદ છઠ્ઠ.

પૂ.શ્રી કપડવંજથી રેલવે દ્વારા નડિયાદ આવ્યા.

નડિયાદથી લોકલ દ્વારા અમદાવાદ આવવા નીકળ્યા.

અમદાવાદથી ખુલ્લી બગીમાં બેસીને પૂ.શ્રી સાબરમતિ આવ્યા.

સાબરમતિમાં મુકામ હતો શ્રી વિષ્ણુભાઇ પુરોહિતને ત્યાં.

વિષ્ણુભાઇ પુરોહિત એ લીંચના શ્રી બચુભાઇ રાવલ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી)ના બનેવી થાય.

પૂ.શ્રીનું રાત્રિ રોકાણ સાબરમતિમાં હતું.

બીજે દિવસે સવારે વિમાન દ્વારા જયપુર જવાનો કાર્યક્રમ હતો.

પૂ.શ્રીની સેવામાં મુ. સુમનભાઇ (ભજન ભાસ્કર) તો હતા જ અને લીંચથી મુ. બચુભાઇ પણ આવી ગયા હતા.

મુ. બચુભાઇની સેવા વિશેની સૂઝ અનન્ય હતી.
હરતાં ફરતાં પૂ.શ્રીનું જ ચિંતન ચાલતું હોય.
પૂ.શ્રી હરિદ્વાર જવાના છે તો કઇ વસ્તુની જરૂર પડશે એનો ઊંડો વિચાર કરતા.
પૂ.શ્રીના પગે સોજા હતા.
શરીર સારું ન હતું.
ઠંડીના દિવસો હતા એટલે મુ. બચુભાઇને ખૂબ ચિંતા થતી હતી.
એમણે બાપજી સમક્ષ પોતાનું દુ:ખ રજૂ કરતા કહ્યું: “બાપજી! તમારી તબિયત ઘણી જ નાદુરસ્ત છે. અત્યારે ઠંડીના દિવસોમાં લોકો હરિદ્વારથી આ બાજુ ભાગી આવે છે ત્યારે તમે આવી તબિયતે ત્યાં જવાના?” આમ કહીને રડી ગયા.
પૂ.શ્રી સેવકની વેદના અને સંવેદના સમજી ગયા.
એમને સમજાવવા માટે કહ્યું: “તું નાહકની ચિંતા કરે છે. પંદર દિવસ રહીને એવું લાગશે તો પાછો આવી રહીશ. મેં મારી જોડેના માણસોને કહી રાખ્યું છે કે મારી તબિયત બગડે તો મને લીંચ લઇ જજો. ત્યાં મારી સેવા થશે.”
રાત્રે સાયંપ્રાર્થના થઇ.

બીજે દિવસે સોમવાર તા. ૨૮મી ઓક્ટોબર, ૧૯૬૮.
સંવત ૨૦૨૫ની કારતક સુદ આઠમ.
સાતમ-આઠમ ભેગા હતા.
પૂ.શ્રી સાબરમતિથી લકઝરી બસ દ્વારા ભક્તો સાથે વિમાનઘર આવ્યા.
સેવામાં મુ. સુમનભાઈ હતા.
સવારે આઠ વાગે પૂ.શ્રીને લઈને વિમાન ઉપડ્યું અને જઈ પહોંચ્યું જયપુર.
ભક્તો સૌ આકાશમાં ઉડતા વિમાનને અને વિમાનમાં બેઠેલા- પોતાના ભગવાનને જોઈ રહ્યા.
વિમાન ચર્મચક્ષુથી દેખાતું હતું.
ભગવાન અંતર્ચક્ષુથી દેખાતા હતા.
'અંતર્ચક્ષુથી જોવાની ટેવ પાડો' એવો જાણે સંકેત હતો.

●

# (૮)

# જયપુરમાં ૭૧મી રંગજયંતી

સાચા સંતનું જીવન ખરી પડેલા પીળા પાંદડા જેવું હોય છે.

જેમ પાંદડાને પવન જ્યાં લઇ જાય ત્યાં જાય તેમ સાચા સંતો પણ ભગવાન જેમ યોજના ગોઠવે તે પ્રમાણે જાય.

ક્યાં ગુંજ જવાની વાત હતી અને ક્યાં જયપુર આવવાની ગોઠવણ થઈ?

વિમાન જયપુરના વિમાનીમથકે આવી પહોંચ્યું.

પૂ.શ્રીના સ્વાગત માટે ભક્તો આવ્યા હતા.

સોમવાર તા. ૨૮ ઓકટોબરના રોજ જયપુરમાં મુકામ કર્યો.

મુકામ હતો રંગભક્ત શાંતિભાઇ પંડ્યાને ત્યાં.

પૂ.શ્રીએ આખો દિવસ શાંતિભાઇને ત્યાં જ ગાળ્યો.

ભક્તોની ભીડ પ્રમાણમાં ઓછી હતી.

શાંતિથી આરામ થઇ શક્યો.

આવતી કાલે કારતક સુદ નોમ.

પૂ.શ્રીની જન્મજયંતી.

પૂ.શ્રીની ૭૧મી જન્મજયંતી સંવત ૨૦૨૫ની કારતક સુદી નોમ એટલે કે તા. ૨૯મી ઓક્ટોબર, ૧૯૬૮ને મંગળવારના રોજ જયપુરમાં ઉજવાઇ.

નાના પાયા પર સાદાઇથી ૭૧મી રંગજયંતીની ઉજવણી થઇ.

આ છેલ્લી જન્મજયંતી ઉજવવાનું સદ્‌નસીબ શાંતિભાઇ પંડ્યાને સાંપડ્યું.

ભક્તો અહીં પણ આવ્યે જતા હતા.

સ્કૂલનું વેકેશન પૂરું થતું હોવાથી મુ. સુમનભાઇ સેવામાંથી છૂટા થવાના હતા.

એમની જગ્યાએ ડૉ. રતિલાલ પંડ્યા સેવામાં આવવાના હતા.

તા. બીજી નવેમ્બર, ૧૯૬૮ના રોજ મુ. રતિલાલ પંડ્યા આવી પહોંચ્યા.

મુ. સુમનભાઇ જયપુરથી જ છૂટા પડ્યા.

તા. ૫મી નવેમ્બર ને મંગળવારે પૂ.શ્રી જયપુરથી વિમાન દ્વારા દિલ્હી જવાના હતા.

મળસ્કે ચાર વાગે પૂ.શ્રીને સ્નાન કરાવ્યું.

મોટા ખંડમાં ખુરશીમાં બેસાડ્યા.

વિશાળ ભક્ત સમુદાય ભેગો થયો હતો.

ભજન-ધૂન ગવાયાં.

વિદાયની વેળા હતી.
આર્દ્રભાવે વિરહગીત ગવાયું.
સાડા આઠ વાગે પૂ.શ્રીને નીચે ઉતાર્યા.
જયપુર એરોડ્રામ દૂર હોવાથી મોટર વિના બીજો ઉપાય ન હતો.
પૂ.શ્રીને મોટર ઓછી અનુકૂળ આવે છતાં એરકંડિશંડ મોટરમાં બેઠાં.
ભક્તોની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેતાં હતાં.
આઠ દિવસનો સ્વર્ગીય આનંદ આપીને અવધૂતજી વિદાય લેતા હતા.
કોને ખબર હતી કે આ આખરી વિદાય છે.
પૂ.શ્રી જયપુરથી વિમાન માર્ગે દિલ્હી જવા નીકળ્યા.
સેવામાં ડૉ. રતિલાલ પંડ્યા હતા અને સાથે પ્રવિણભાઇ તથા સુરેશભાઇ (જયપુરવાળા) હતા.
પૂ.શ્રીએ હાથ ઊંચો કરીને આશીર્વાદ આપ્યા.
સવારે સવા દસ વાગે જયપુરની જય જય કરતું વિમાન આકાશમાં ઊડ્યું.

•

# (૯)

# જયપુરથી જયશંકરભાઈને ઘરે

શ્રી જયશંકરભાઈ કરુણાશંકર શુક્લ નામે રંગભક્ત.
પૂ.શ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ.
પૂ.શ્રીને સને ૧૯૬૪ માં લકવાની અસર થઇ.
એકદમ આરામની જરૂર હતી.
એ સમયે પૂ.શ્રી અજમેર ગયા હતા અને આ જ જયશંકરભાઈને ત્યાં એક મહિનો રહ્યા હતા.
જયશંકરભાઈના કુટુંબે ખૂબ સેવા કરી હતી.
પૂ.શ્રી ખૂબ પ્રસન્ન થયા હતા.
અજમેરથી પછી પૂ.શ્રી તા. ૨૭ ૧૨ ૧૯૬૪ના રોજ લીંચ પધાર્યા હતા.
આ જયશંકરભાઈ હાલ દિલ્હીમાં રહેતા હતા અને મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશનમાં સારા હોદ્દા પર હતા.
કારતકી પુનમ એટલે કે દેવદિવાળીના રોજ પૂ.શ્રી જયપુરથી સવારે ૧૦-૧૫ વાગે વિમાન દ્વારા
દિલ્હી આવવા રવાના થયા અને ૩૫ મિનિટના પ્રવાસ પછી સવારે ૧૦-૫૦ વાગે દિલ્હી આવી પહોંચ્યા.
વિમાની મથકે લેવા માટે મુ. જયશંકરભાઈ તથા શ્રી રમેશભાઈ ત્રિપાઠી આવ્યા હતા.

વિમાનઘરથી મુકામ ૨૦-૨૨ કિલોમીટર દૂર હતો.
પૂ.શ્રીને મોટર અનુકૂળ ન હોવા છતાં મોટર દ્વારા જ જવું પડ્યું.
નાદુરસ્ત તબિયત અને એમાં મોટરની મુસાફરી એટલે પ્રતિકૂળતાનો સરવાળો.
શ્રી જયશંકરભાઈના સમગ્ર કુટુંબના અનન્ય ભાવને કારણે જ પૂ.શ્રીએ મુકામ કર્યો હતો.
પૂ.શ્રી માટે રૂમમાં ઉત્તમ સજાવટ કરી હતી.
પૂ.શ્રીએ સ્નાન કર્યું.
પ્રવાસમાંથી આવે એટલે પૂ.શ્રી અચૂક સ્નાન કરે જ.
મુ. જયશંકરભાઈએ પાદુકાપૂજન કર્યું.
ત્યાર બાદ પૂ.શ્રીએ ભિક્ષા લીધી.
આજુબાજુના પડોશી ભક્તો દર્શન માટે આવતા હતા.
દિલ્હીમાં પણ પૂ.શ્રીના દર્શન માટે ભક્તોની અવરજવર રહેતી હતી.
પૂ.શ્રી સાંજે રાત્રિની દશાની ટ્રેન દ્વારા હરિદ્વાર જવાના હતા.
સાંજે પૂ.શ્રીએ સ્નાન કર્યું.
ફરી દર્શનસત્ર શરૂ થયું.
રાત્રે સાડા આઠ વાગે નીકળ્યા.
ફરી પાછી મોટરકારની મુસાફરી.

બીજો કોઇ ઉપાય જ ન હતો.

પ્રતિકૂળતાને સહી લે તે સંત.

મસૂરી એક્સપ્રેસમાં પ્રથમ વર્ગમાં રિઝર્વેશન કરાવ્યું હતું એટલે અનુકૂળતા સારી એવી રહી.

તા. પમી નવેમ્બર, ૧૯૬૮ને મંગળવારની રાત્રે શરૂ કરેલી યાત્રા કારતક વદ એકમ ને બુધવાર તા.છઠ્ઠીની સવારે હરિદ્વારે પૂરી થઇ.

હરિદ્વારમાં વહેલી સવારે શાંતિથી પૂ.શ્રીને ઉતાર્યા.

ટ્રેન ઠીક ઠીક સમય થોભે.

સ્ટેશને આર્યનિવાસના મેનેજર શ્રી અમૃતભાઇ પંડ્યા તથા વડોદરાના રંગભક્ત શ્રી ચીમનભાઇ શેઠ આવ્યા હતા.

પૂ.શ્રી હરિદ્વાર આવે એ પહેલાં વડોદરાથી શ્રી ચીમન-ભાઇ શેઠ, તેમના પત્ની સૌ. અતિલક્ષ્મીબેન તથા શ્રીમતી કમુબેન ભોગીલાલ પટેલ આવી પહોંચ્યા હતાં અને બધી તૈયારીઓ કરી દીધી હતી.

જયપુરથી સેવામાં ડૉ. રતિલાલ પંડ્યા હતા.

કારતક વદ એકમને તા. ૬-૧૧-૧૯૬૮ને બુધવારના રોજ શ્રીહરિ હરિદ્વાર આવી પહોંચ્યા.

●

# (૧૦)

## હરિદ્વારે, અવધૂતજી પધારે

સંવત ૨૦૨૫ની કાર્તિકી પૂર્ણિમા એટલે કે દેવદિવાળી ને મંગળવાર તા. ૫મી નવેમ્બર, ૧૯૬૮ના રોજ રાત્રે પૂ.શ્રીએ દિલ્હી છોડ્યું.

કારતક વદ એકમ તા. ૬-૧૧-૧૯૬૮ને બુધવારના રોજ ૧૦ વાગે ભગવાન શ્રીરંગ અવધૂતજી- શ્રીહરિ- હરિદ્વારમાં પધાર્યા.

આર્યનિવાસમાં મુકામ કર્યો.

પોરબંદરના દાનવીર શેઠ શ્રી નાનજી કાળીદાસે આ ધર્મશાળા બંધાવી છે.

ગંગા નદીનો પ્રવાહ આર્યનિવાસના પાછળના ભાગથી જ જાય છે.

ગંગાના કિનારા પરના આ આર્યનિવાસના માળેથી ગંગાજીના દર્શન થયા જ કરે.

માળ ઉપરનો મોટો હોલ તથા સામેના ચારે રૂમ ભાડે રાખી લીધા હતા.

સગવડ ખૂબ સરસ.

ગંગાનદીના સતત દર્શન થયા કરે.

આર્યનિવાસના ભાવિક મેનેજર અમૃતલાલ પંડ્યા પણ પૂ.શ્રીની સેવામાં રહે.

ગંગાનો કિનારો, પૂ.શ્રીનું સાંનિધ્ય અને હરિદ્વારની તીર્થભૂમિનો ત્રિવેણી સંગમ જેને મળે તે બડભાગી ગણાય.

દેવદિવાળીને બીજે દિવસે એટલે કે કાર્તિક વદ એકમને બુધવાર તા. ૬-૧૧-૬૮ના રોજ પૂ.શ્રી આર્યનિવાસ પધાર્યા.

પૂ.શ્રીએ સ્નાનવિધિ પતાવ્યા પછી આરામ કર્યો.

બપોરે ભિક્ષા કરી.

સ્વચ્છ અને પૂર્ણ એકાંતવાળી આ જગ્યા પૂ.શ્રીને આરામ માટે એકદમ યોગ્ય હતી.

સાંજના સમયે ધર્મશાળામાં ઉતરેલા સુરત બાજુના ગુજરાતી ભક્તો પૂ.શ્રીના દર્શન માટે આવ્યા.

રાત્રે પંચપદી થઇ.

પછી પૂ.શ્રીએ શયન કર્યું.

બીજો દિવસ પણ પૂ.શ્રીએ આર્યનિવાસમાં આરામ જ કર્યો.

ગુરુવાર તા. ૭મી નવેમ્બર એટલે કારતક વદ બીજનો દિવસ.

અવધૂતજીએ પોતાની શૈલીમાં પોતાના અનુભવની જ્ઞાન સાથે ગમ્મત મળે એવી વાતો કરી.
બધાને ખૂબ આનંદ કરાવ્યો.
સાંજ પડી.
સમય થતાં પંચપદી થઇ.
પૂ.શ્રીએ ભિક્ષા કરી શયન કર્યું.
પૂ.શ્રીની તબિયત અસ્વસ્થ હતી એટલે આરામ જરૂરી હતો.
આર્યનિવાસમાં પૂરતો આરામ મળતો હતો.
ડૉ. રતિલાલ પંડ્યા સેવક પણ હતા અને સ્વાસ્થ્યના રખેવાળ પણ હતા.
પૂ.શ્રીની તબિયત ઠીક ન હોવાથી આરામ આપ્યો.
પૂ.શ્રીને થોડી ઊંઘ આવી.
આજે કારતક વદ ત્રીજ ને શુક્રવાર તા. ૮મી નવેમ્બર.
સવારે પ્રાર્થના-બાવની-આરતી થઇ.
આજે જુના ભક્તો અનાયાસે દર્શને આવી ચઢ્યા.
સુરતના ઠાકોરભાઇના દીકરા અસ્થિ પધરાવવા આવ્યા હતા. તેમને ખબર પડી એટલે દર્શને દોડી આવ્યા.
એમને ખૂબ આનંદ થયો.
મુ. નંદલાલ પાઠકના પુત્ર દત્તુપ્રસાદ તેમના કુટુંબ સાથે દર્શને આવ્યા.

મુંબઇ, સુરત, વડોદરા અને અમદાવાદના ભક્તોને જેમ જેમ ખબર પડતી ગઇ તેમ તેમ દર્શને આવતા ગયા. આમ છતાં પૂ.શ્રીને પૂરતો આરામ તો મળતો જ હતો. ગંગાજીનું દર્શન મનને આનંદ આપતું હતું.

પૂ.શ્રીએ આજનો દિવસ પણ આર્યનિવાસમાં જ ગાળ્યો.

ગંગાજી પણ અવધૂતના દર્શન કરીને પ્રસન્નતા અનુભવતા હતા.

●

## (૧૧)

## રેવાતટે થી ગંગાતટે

રેવાકાંઠે તપશ્ચર્યા કરી, દત્તપ્રભુના દર્શન કરી, બધાને દત્તના રંગે રંગી, હવે રંગ અવધૂતજી ગંગાજીના કાંઠે આવ્યા હતા.

મા-નર્મદા ભગવાન શંકરના પરસેવામાંથી પ્રગટ થયા તો મા-ગંગાજી શંકરની જટામાંથી પ્રગટ થયા.

બંને બહેનો જ ગણાય ને!

આજે કારતક વદ ચોથ ને શનિવાર, તા. નવમી નવેમ્બર.

રોજના નિયમ મુજબ સવારે પ્રાર્થના થઇ.

પૂ.શ્રીએ સવારમાં જ દિલ્હીવાળા જયશંકરભાઇ શુક્લને યાદ કર્યા.
અને સવારે સાત વાગે જ મુ. જયશંકરભાઇ પૂ.શ્રીના દર્શને આવ્યા.
પૂ.શ્રીએ વાતવાતમાં કહ્યું કે કોઇએ મારી સ્વતંત્રતામાં આડે ન આવવું અને મારે કોઇની સ્વતંત્રતામાં આડે નહિ આવવું.
મારે લીધે કીડીને પણ દુ:ખ ન થવું જોઇએ.
પૂ.શ્રીની કેવી સૂક્ષ્મ વિચારધારા!
દરેકના અસ્તિત્ત્વનો માનપૂર્વક સ્વીકાર કરવાની અદ્‌ભુત મનોવૃત્તિ!
સવારમાં નવ વાગે સેન્ટ્રલ હોલમાં સૂર્યના તાપમાં પૂ.શ્રી ખુરશીમાં થોડી વાર બેઠા.
દિવસમાં બે-ચાર આંટા પણ માર્યા.
પૂ.શ્રી પ્રસન્ન હતા.
તબિયત સુધરતી જતી જણાતી હતી.
સવારમાં પૂ.શ્રીએ ગમ્મત કરતાં ડૉ. રતિભાઇને કહ્યું: “ડાક્ટર! આપણે હરિદ્વારની યાદગીરીમાં અહીંથી એક માંકડું લઇ જઇએ.”
આજે સાંજના મુંબઇના જયદેવભાઇ ભટ્ટ તથા તેમના પત્ની પૂ.શ્રીના દર્શને આવ્યા.

એમણે પૂ.શ્રીને આમંત્રણ આપતા કહ્યું કે આપ ગૂંજ પધારો ત્યારે મુંબઈમાં મારે ત્યાં મુકામ રાખશો.

આ આમંત્રણ આપવા જ પતિ-પત્ની પધાર્યા હતાં.

આમંત્રણનું આમંત્રણ અને હરિદ્વારની જાત્રા એમ એક પંથ- દો કાજ જેવું થયું.

રાત્રે પ્રાર્થના થઇ.

પછી પૂ.શ્રીએ શયન કર્યું.

આજે કારતક વદ પાંચમ ને રવિવાર તા. ૧૦મી નવેમ્બર. સવારે ભક્તોએ ભેગા મળી પ્રાર્થના કરી.

હરિદ્વારમાં ગુજરાતી ભવનમાં રહેતી મુંબઇ તથા રાજકોટની બહેનો પૂ.શ્રીના દર્શને આવી.

રાત્રે પંચપદી કર્યા પછી પૂ.શ્રીએ શયન કર્યું.

પૂ.શ્રીને પૂરતા પ્રમાણમાં આરામ મળતો રહ્યો.

આજે કારતક વદ છઠ્ઠ ને સોમવાર તા. ૧૧-૧૧-૧૯૬૮.

નિત્યના ક્રમ મુજબ સવારે પ્રાર્થના થઇ.

પૂ.શ્રીએ ભિક્ષા પછી આરામ કર્યો.

ગુજરાતી ભવનમાંથી કેટલાંક બહેનો પૂ.શ્રીના દર્શને આવ્યા.

સાંજના પાંચ વાગે બીલ્વેશ્વરવાળી ગુફાવાળા મુની મહારાજ પૂ.શ્રીના દર્શને આવ્યા.

પૂ.શ્રીએ આસન આપી બેસાડ્યા. સમાચાર પૂછ્યા.

રાત્રે પૂ.શ્રીએ ભિક્ષા કરી. પ્રાર્થના કરી અને પછી શયન કર્યું.

આમ આરામ અને એકાંત બંને મળતા હતાં.

તબિયત ઠીક હતી.

•

## (૧૨)

## મંગલમય મંગળવાર

મંગળવારની મંગલ સવાર થઇ.

આજે કારતક વદ સાતમ ને ૧૨મી નવેમ્બર, ૧૯૬૮.

સવારે પ્રાર્થના થઇ.

મુંબઇના શ્રી જયદેવભાઇ ભટ્ટ અને તેમના પત્ની પાછા દર્શને આવ્યા.

આજે તેઓ મુંબઇ જવા રવાના થવાના હતાં.

પૂ.શ્રી નિત્ય નિયમ મુજબ સેન્ટ્રલ હોલમાં સૂર્યનો તડકો લેવા ખુરશીમાં બેઠા. આજે દશેક આંટા માર્યા.

આજે પૂ.શ્રીને શરદી જણાતી હતી.

શરદીને કારણે ચાર-પાંચ વાર સંડાસ (ડોલડાલ) જવું પડ્યું.

બપોર પછી તબિયત સારી જણાતી હતી.

સાંજના ગુજરાતી સંન્યાસી વનિતા ‘ઓમ પ્રેમ દેવી’

પૂ.શ્રીના દર્શને આવ્યા.
એમની સાથે એમના શિષ્યા પણ હતાં.
દર્શનથી ઘણો જ આનંદ અનુભવ્યો.
પૂ.શ્રીએ પ્રસાદ આપ્યો તથા ભેટથી એમનો સત્કાર કર્યો.
આજે લીંચના શ્રીબચુભાઇ રાવલ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી), નડિયાદના શ્રી સુખડિયા વગેરેના પત્રો આવ્યા.
ડૉ. રતિલાલ પંડ્યાએ પૂ.શ્રીને પત્રો વાંચી સંભળાવ્યા.
ભક્તો તથા સંતોનું દર્શને આવવાનું ચાલુ હતું પણ એનાથી ઉપદ્રવ થતો ન હતો.
શાંતિ, આરામ અને એકાંત મળતાં હતાં.
રાત્રે પૂ.શ્રીએ ભિક્ષા લીધી. પ્રાર્થના કરી અને પછી શયન કર્યું.
આજે કારતક વદ આઠમ ને બુધવાર તા. ૧૩મી નવેમ્બર.
નિયમ મુજબ સવારે પૂ.શ્રીની હાજરીમાં પ્રાર્થના થઇ.
મુંબઇથી આવેલા ને આર્યનિવાસમાં જ ઉતરેલા ભક્તો દર્શને આવ્યા. એમણે બે ભજનો પણ સંભળાવ્યા.
પૂ.શ્રીએ આરામમાં દિવસ પસાર કર્યો.
આવતી કાલે સપ્તર્ષિ જવાનું નક્કી થયું હતું એટલે એની પૂર્વતૈયારી થઇ.

રાત્રે પંચપદી કર્યા પછી પૂ.શ્રીએ શયન કર્યું.
આજે ગુરુવાર, કારતક વદ નોમ ને ૧૪મી નવેમ્બર.
સવારે નિયમ મુજબ પ્રાર્થના થઇ.
આજે સપ્તર્ષિ જવાનો કાર્યક્રમ હતો.
સંડાસની મુશ્કેલીનો ખ્યાલ રાખીને પૂ.શ્રીએ કાંઇ લીધું નહિ. પેટ ખાલી જ રાખ્યું.
પૂ.શ્રીએ આજે આંટા ન માર્યા કારણ કે આર્યનિવાસના માળેથી નીચે ઉતરવા માટે પગથિયા ઉતરવાનો શ્રમ લેવાનો હતો.
પૂ.શ્રી ધીરે ધીરે નીચે ઉતર્યા.
સવારે પોણા આઠ વાગે શ્રીચીમનભાઇ શેઠ સુંદર ઘોડાવાળી બે બગી લઈ આવ્યા.
પૂ.શ્રી માટે એક ઘોડાગાડીમાં સરસ વ્યવસ્થા કરી હતી.
પૂ.શ્રીને ધીમેથી ઘોડાગાડીમાં બેસાડ્યા.
એમના ચરણમાં ડૉ. રતિલાલ પંડ્યા બેઠા.
બીજી ઘોડાગાડીમાં શ્રીચીમનભાઇ શેઠ, તેમના પત્ની શ્રીમતી અતિલક્ષ્મીબેન તથા શ્રીમતી કમુબેન ભોગીભાઇ પટેલ બેઠા.
સપ્તર્ષિ તથા બીજા તીર્થસ્થળોના દર્શન માટે સવારે આઠ વાગે યાત્રા શરૂ થઇ.

●

# (૧૩)

# ગંગાધારી શિવશંકર

જેમણે પોતાના ચરણસ્પર્શથી નારેશ્વરના વનને નંદનવન બનાવ્યું એને વળી તીર્થયાત્રા શું?

પરંતુ હિંદુ સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે શ્રેષ્ઠ પુરુષો આચરણ દ્વારા આદર્શો પ્રસ્થાપિત કરતા હોય છે.

આર્યનિવાસથી બે બગી નીકળી.

સપ્તર્ષિ જવાના રસ્તે મહાદેવની એક મૂર્તિ આવી. ભગવાન શંકરની આ મૂર્તિ હતી.

એ ભગવાન શંકરના ઊંચા હાથમાં કળશ હતો.

કળશમાંથી પાણી પડતું હતું.

પાણી મૂર્તિ પર પડતું હતું એટલે કે જાણે ભગવાન શંકર સ્નાન કરતાં હતાં.

પૂ.શ્રીને આ મૂર્તિ ખૂબ ગમી.

એમણે ડૉ. રતિભાઈને કહ્યું કે આપણા નારેશ્વરમાં પણ આવી પ્રતિમા કરવી જોઈએ. (હાલ શાંતિનિકુંજમાં આવી પ્રતિમાના દર્શન થાય છે.)

સવારે નવ વાગે બધા સપ્તર્ષિ આશ્રમ આવી પહોંચ્યા. એક ઝાડ નીચે પૂ.શ્રી ખુરશીમાં બેઠા.

ભક્તોને આગ્રહ કરી બધું જોઇ આવવા જણાવ્યું.
ભક્તો દર્શન કરવા ગયા.
બીજાનો-પરનો-વિચાર કરે તેને જ પરબ્રહ્મ મળે.
પૂ.શ્રીએ મંદિરમાં ભેટ મૂકાવી.
બ્રાહ્મણોને દક્ષિણા અપાવી.
આ બધું પત્યા પછી યાત્રા પાછી શરૂ થઇ.
પૂ.શ્રીની ઘોડાગાડી સાથે ભક્તોની ઘોડાગાડી આગળ ચાલી.
કમુબેને પૂ.શ્રીની મંજૂરી લઇ નારેશ્વર માટે સપ્તર્ષિ મંદિરનું પત્થરનું કોતરેલું મોડેલ રૂ.૧૫માં લીધું.
લક્ષ્મીનારાયણ મંદિરના દરવાજા પાસે પૂ.શ્રીની ગાડી ઊભી રાખી.
ગાડીમાં બેઠા બેઠા જ પૂ.શ્રીએ દર્શન કર્યા.
લક્ષ્મીનારાયણ મંદિરેથી નાના મોટા આશ્રમોને પસાર કરતાં કરતાં પૂ.શ્રી પરમારથ આશ્રમે આવ્યા.
પૂ.શ્રી ગાડીમાં જ બેસી રહ્યા.
નાદુરસ્ત તબિયત હોવા છતાં વાતાવરણ ખૂબ હળવું રાખતાં.
બધાને પરમારથ આશ્રમના દર્શન કરવા જવાની આજ્ઞા કરી.
બીજાનું મન સાચવવાની કેવી સુંદર રીત! કેવી ઉત્તમ મનોવૃત્તિ!

પરમારથ આશ્રમથી પૂ.શ્રી અને ભક્તો હરકી પૈડી આવ્યા.
પૂ.શ્રીને ગાડીમાંથી ધીમેથી ઉતાર્યા.
મંદિર પાસે ખુરશીમાં બેસાડ્યા.
ચીમનલાલ શેઠ પૂ.શ્રીની પાસે સેવામાં રહ્યા.
બીજા ભક્તો દર્શને ગયા.
એક રૂપિયામાં વીસ રોટલી મળતી હતી તે રોટલી પૂ.શ્રીને બતાવી.
પૂ.શ્રીએ કાળી અલફી અને માથે સફેદ ગરમ ટોપી પહેરી હતી.
ટોપીને ફૂલ ચોંટાડ્યા હતા.
વેશ એવો હતો કે લોકો સમજી શકતા નહિ કે આ મહાત્મા કોણ હશે?
વામન ભગવાનના કદ જેટલી એક પ્રૌઢ ભિક્ષુક બાઈ પૂ.શ્રીને પગે લાગી.
તે દાળ-ચોખા માગતી હતી.
પૂ.શ્રીએ દુકાનમાંથી મંગાવીને દાળ-ચોખા અપાવ્યા.
હરકી પૈડી ઉપરથી પૂ.શ્રી ભક્તો સાથે શ્રીગુરુમંડળ આશ્રમે આવ્યા.

●

# (૧૪)

# ગુરુમંડળ આશ્રમમાં રામસ્વરૂપાનંદજી સાથે

પૂ.શ્રીની ૬૩મી જન્મજયંતી ધર્મજમાં દબદબાપૂર્વક ઉજવાઇ.

કારતક સુદ એકમથી કારતક સુદ નોમ સુધી.

પૂ.શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી (દાદાજી)એ રામાયણની નવ દિવસની કથા કરી અને એની સમાપ્તિ પ્રસંગે પૂ.શ્રીની રંગજયંતીનો ઉત્સવ થયો.

આજ સમયે પ.પૂ. રામસ્વરૂપાનંદજીનો મુકામ પણ ધર્મજમાં હતો.

૬૩મી રંગજયંતી પ્રસંગે પ.પૂ.શ્રી રામસ્વરૂપાનંદજી પૂ.શ્રીને મળેલા અને ખૂબ આદર બતાવેલો.

હરિદ્વાર આવવાનું આમંત્રણ આપેલું.

ગંગામૈયા આપની રાહ જુએ છે એવો ભાવ વ્યક્ત કરેલો.

એ વખતે પૂ.શ્રીના માતુશ્રી નારેશ્વરમાં હતા.

તબિયત ઠીક ઠીક રહેતી હતી.

પૂ.શ્રીએ કહ્યું કે માતાજી (ગંગામૈયા)ને મળવામાં માતાજી (રુકમામ્બા) બાધક છે.

એટલે પૂ.માજી હશે ત્યાં સુધી ગંગા કિનારે નહિ અવાય એવો ભાવ હતો.

ઇ.સ. ૧૯૬૭માં પૂ.માજી બ્રહ્મલીન થયાં એટલે એક વર્ષ પછી પૂ.શ્રી હરિદ્વાર પધાર્યા.

ધર્મજમાં મળેલા સંત રામસ્વરૂપાનંદજીનો આશ્રમ એટલે ગુરુમંડલ આશ્રમ.

આ જ આશ્રમમાં રહીને આપણા મુ. મણિશંકર ઉપાધ્યાય- શાસ્ત્રીજી ભણેલા.

એટલે આશ્રમ સાથેની પ્રીતડી મજબૂત હતી.

ગુરુમંડલ આશ્રમે ઘોડાગાડી આવી પહોંચી.

પૂ.શ્રીએ ડૉ. રતિભાઈને અંદર તપાસ કરવા મોકલ્યા.

રતિભાઈ તપાસ કરવા ગયા.

ગુજરાતથી આવેલા એક સંત આપને મળવા માગે છે એવું જણાવ્યું.

રામસ્વરૂપાનંદજી ડૉ. રતિભાઈને તો ઓળખતા ન હતા પરંતુ એમના ખભે જે ખલતો (થેલો) હતો તેના ઉપર દત્ત લખેલું હતું તે વાંચ્યું.

એમને તરત જ ખ્યાલ આવી ગયો.

સ્વામીજીએ પૂ.શ્રીને જોયા એટલે એકદમ ઝડપથી પાસે ગયા.

બંને સંતોનું દિવ્ય મિલન હતું.

બંને સંતો ભેટી પડ્યા.

●

# (૧૫)

# ભક્તે માગ્યા આશીર્વાદ

આજે કારતક વદ દશમ ને શુક્રવાર તા.૧૫મી નવેમ્બર, ૧૯૬૮.

સવારે રોજના નિયમ પ્રમાણે પૂ.શ્રીની હાજરીમાં પ્રાર્થના થઇ.

બે ભક્ત બહેનો દર્શને આવ્યા.

ટપાલમાં ડભાણથી દક્ષાબેનનો પત્ર હતો.

આ દક્ષાબેન એટલે ડૉ. રતિલાલ પંડ્યાના દીકરી.

દક્ષાબેનના પિતાજી તો પૂ.બાપજીની સેવામાં હતા અને જયપુરથી જોડાયા હતા.

મુંબઈથી દિનકરભાઈનો પત્ર હતો.

આ પત્રો પૂ.શ્રીને વાંચી સંભળાવ્યા.

મુંબઈથી નાનજી કાળીદાસની દીકરીનો પત્ર હતો.

દીકરીનું નામ સવિતાબહેન હતું પરંતુ એમને બધા સવિતાદીદીના નામે જ બોલાવે.

જે ધર્મશાળામાં પૂ.શ્રીનો મુકામ હતો તે 'આર્યનિવાસ' ધર્મશાળા આ દાનવીર નાનજીભાઇ કાળીદાસે જ બંધાવેલી હતી.

આ શુચિનાં શ્રીમતાં- પવિત્ર શ્રીમંત- એવા નાનજીભાઇ કાળીદાસ ધર્મપ્રેમી હતા અને ધર્મના સંવર્ધન માટે સંપત્તિનો છૂટે હાથે ઉપયોગ કરતા.
પૂ.શ્રી એમની ધર્મશાળામાં બિરાજે છે એ જાણીને એમને ખૂબ આનંદ થયો.
આ શેઠ નાનજીભાઈ કાળીદાસ બિમાર હતા.
એમની તબિયત દિન-પ્રતિદિન કથળતી જતી હતી.
ઘરનાંને ખૂબ ચિંતા રહેતી હતી.
ડૉક્ટરોની દવા ચાલતી હતી પરંતુ એની ધારી અસર થતી દેખાતી ન હતી.
સવિતાદીદીને પિતાની ભારે ચિંતા હતી.
લગભગ બેભાન જેવી અવસ્થામાં પડ્યા રહેતા હતા.
પિતાના સ્વાસ્થ્ય માટે સવિતાદીદીએ પૂ.બાપજીને તાર કરી આશીર્વાદ માગ્યા હતા.
સાચા સંતના આશીર્વાદ મળી જાય તો બધું પાર પડી જાય એવી ભાવના હતી.
સવિતાદીદીનો આશીર્વાદની માગણી કરતો તાર પૂ.શ્રીને વાંચી સંભળાવ્યો.
પૂ.બાપજીએ ધ્યાનપૂર્વક તાર સાંભળ્યો.
પોતાના પ્રત્યેની સવિતાદીદીની ભાવના પૂ.શ્રીએ મનમાં નોંધી.

આ અંગે ઘટતું કરવા વિચાર્યું.

બપોરના આરામ બાદ સાંજે કેટલાક ભક્તો દર્શને આવ્યા.

સુરતના એક ગુજરાતી ભાઈ પણ દર્શને આવ્યા હતા.

રાત્રે પ્રાર્થના કર્યા પછી પૂ.શ્રી શયન માટે ગયા.

•

## (૧૬)

## આશીર્વાદ મળ્યા અને ફળ્યા

શેઠ નાનજી કાળીદાસ મુંબઈમાં ગંભીર માંદગીમાં પટકાયા હતા.

એમની દીકરી સવિતાદીદીએ પોતાના પિતાની તબિયત સુધરે એ માટે પૂ.શ્રીના આશીર્વાદ માગ્યા હતા.

એમને શ્રદ્ધા હતી કે પૂ.શ્રીના આશીર્વાદથી બાજી પલટાશે.

પિતા ભાનમાં આવશે અને ધીરે ધીરે તબિયત સુધરશે.

પૂ.શ્રીએ તારની વિગત ધ્યાનથી સાંભળી.

પોતે જેની ધર્મશાળામાં ઉતર્યા છે એની માંદગી અંગે એની પુત્રી આશીર્વાદ માગે તો સંત હૃદય કેમ ન દ્રવે? સંતો તો માખણથી પણ વધુ મૃદુ હોય છે.

એ તો બીજાના દુ:ખે દ્રવી જાય છે.
પૂ.શ્રીએ હૃદયથી આશીર્વાદ પાઠવ્યા.
એમણે સવિતાદીદીને તાર દ્વારા આશીર્વાદ પાઠવ્યા.
તાર આ પ્રમાણે હતો.

Quite at home here. Distressed reading Bapuji's ill-health. Praying God for speedy recovery. Hearty Blessings.

**- Rang Avdhoot.**

[અર્થ: અહીં તદ્દન ઘર જેવું છે. બાપુજીની નાદુરસ્ત તબિયતના સમાચાર વાંચીને વ્યથિત થયો છું. તબિયત ઝડપથી સુધરે તે માટે પ્રભુને પ્રાર્થના કરું છું. મારા હૃદયના આશીર્વાદ. - **રંગ અવધૂત**]

જ્યારે પૂ.શ્રીનો તાર મળ્યો ત્યારે શેઠ શ્રી નાનજી કાળિદાસ બેભાન હતા અને ચાર-પાંચ ડૉક્ટરો બેઠા હતા.
ડૉક્ટરો મૂંઝવણ અનુભવતા હતા કે શું દવા આપી શકાય?
એમની મૂંઝવણ મટી ગઇ.
પૂ.શ્રીનો તાર મળતાં જ શેઠ શ્રી નાનજીભાઇએ આંખો ખોલી.
એમણે આંખો ખોલીને કહ્યું કે મને કોઇ દેવે જાગ્રત કર્યો છે અને હવે મને સારું છે.

તાર મળ્યા પછી ધીમે ધીમે એમની તબિયત સુધરતી ગઇ અને સવિતાદીદીને આનંદ થઇ ગયો.
પૂ.શ્રીના આશીર્વાદ ફળ્યા એવો હૃદયમાં અનન્ય ભાવ જાગ્યો.
'અવધૂત કોઇનો ઋણી નથી' એવું પૂ.શ્રી કોક વાર કહેતાં તેનું સ્મરણ થાય એવો આ બનાવ હતો.
તે દિવસે જે સ્પષ્ટ ના સમજાયું તે પછીથી સમજાવવાનું હતું.
જે હોય તે પણ શેઠ શ્રી નાનજીભાઇ હરતાં-ફરતાં થઇ ગયા.
આ પણ ભગવાનની જ લીલા.

●

## (૧૭)

## માતૃવ્યાધિનો સ્વીકાર

આજે કારતક વદ બારસ ને રવિવાર તા ૧૭મી નવેમ્બર, ૧૯૬૮ સવારે નિત્ય નિયમ મુજબ પ્રાર્થના કરી.
પૂ.શ્રીનું શરીર આજે સહેજ ગરમ હતું.
તાવ, શરદી અને ઉધરસ હોવા છતાં પૂ.શ્રીતો બધા સાથે મસ્તીમાં-આનંદમાં વાતો કરતા હતા.

આજે ઠંડીનું પ્રમાણ વધ્યું હતું.
સાંજે પ્રાર્થના કરી પૂ.શ્રી શયન માટે ગયા.
આજે કારતક વદ તેરસ ને સોમવાર તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૮.
સવારમાં નિયમ મુજબ પ્રાર્થના કરી.
પૂ.શ્રીનું શરીર તાવ અને ખાંસીથી ગ્રસ્ત હતું.
કફ છૂટતો હતો.
પૂ.શ્રી લવિંગ, ખદીરાદિવટી, જેઠી મધ જેવું કોક વાર લે છે.
એલોપથીની દવા લેતા નથી.
પૂ.શ્રી તો બીજાનું લીધેલું દર્દ ભોગવતા હતા.
જ્યારે પૂ.માજી છેલ્લા દિવસોમાં ઉધરસથી પિડાતા હતાં ત્યારે પૂ.શ્રીએ એમની ઉધરસ એમના માથેથી પાણી ઓવારીને લઇ લીધી હતી.
પૂ.શ્રીએ ભગવાનને પ્રાર્થના કરતાં કહેલું પણ ખરું કે:
“મારું આયુષ્ય પૂરું થયું હોય તો માજીનું દુ:ખ ભોગવવા હું પાછો અવતાર લઇશ પણ માજીને હવે દર્દમાંથી મુક્ત કરો.”
પોતાને ઉધરસ આવે અને ભક્તે ચિંતા વ્યક્ત કરી ત્યારે કહ્યું પણ ખરું કે પૂ.માજીનું દર્દ લીધેલું તે ભોગવવાનું બાકી હોય એટલે ઉધરસ તો આવે જ ને!

અને વાતાવરણને હળવું કરતાં કહે કેઃ તમે તો થોડીવાર આવીને દર્શન કરીને જતા રહો છો પણ ઉધરસ તો મારી અનન્ય ભક્ત છે. એ તો કાયમ મારી સાથે રહે છે. કોઈવાર લહેરમાં આવીને ગાતા કેઃ "તારે ને મારે બંધાણી પ્રીતડી."

પૂ.શ્રીની સેવામાં મુ. ડૉ. રતિભાઇ, મુ. ચીમનભાઇ શેઠ, સૌ. અતિલક્ષ્મીબેન શેઠ અને સૌ. કમુબેન પટેલ એમ ચાર ભક્તો હતા.

આજે બંને બેનો પૂ.શ્રીના સ્વાસ્થ્ય માટે દત્તનામ-સંકીર્તનના પાઠો કરતા હતા.

પૂ.શ્રીએ આજે બપોરે ભિક્ષા ના કરી.

છાશ પણ ન લીધી.

કંઇ રુચિ જ થતી નથી એમ કહ્યું.

પૂ.શ્રી સૂતા હોય તો ઉધરસ વધારે આવે એટલે બેઠા થઇને પાછા ખુરશીમાં બેસે.

કફ છૂટતો હતો એટલે એક-બે દિવસમાં ઓછું થશે એમ પૂ.શ્રીએ કહ્યું.

આજે ટપાલમાં બાલકૃષ્ણભાઇ, પ્રવીણભાઇ, ડૉ. કનૈયાલાલ વાણી, સુરેશભાઇ તથા શંકરભાઇના પત્રો આવ્યા.

પૂ.શ્રી સાયં પ્રાર્થના પછી શયન માટે ગયા.

આજે કારતક વદ ચૌદસ ને મંગળવાર તા. ૧૯મી નવેમ્બર, ૧૯૬૮.

સવારમાં નિત્ય નિયમ મુજબ ઉષ: પ્રાર્થના થઇ.

પૂ.શ્રીને ગઇ રાત્રે ઉધરસને કારણે ઊંઘ આવી ન હતી છતાં સ્વસ્થ હતા.

બધાની સાથે પ્રાર્થના પણ બોલ્યા.

બપોરે ભિક્ષામાં અડધું સફરજન અને બે-ચાર કાજુ લીધા છાશ લીધી નહિ.

ખાવાની રુચિ જ થતી નથી એમ કહ્યું.

બપોરે આરામ કર્યો.

પૂ.શ્રીનું શરીર કફ-ઉધરસયુક્ત હતું એટલે છાતીએ લગાડવાનો લેપ લેવા ડૉ. રતિભાઇ બજારમાં ગયા.

આવતીકાલે ડૉ. રતિભાઇનો જન્મ દિવસ હોવાથી આવતા આવતા ગુલાબના ફૂલના બે હાર લેતા આવ્યા.

એક હાર પૂ.શ્રી માટે અને એક હાર પાદુકાજી માટે.

બપોરે બે વાગે પૂ.શ્રી લટાર મારતા હતા ત્યારે લટાર મારતાં મારતાં કહે કે: “ચાલો ડોકટર! લીંચ જતા રહીએ.”

પણ પછી કહ્યું કે: “ના, ના અહીં જ ઠીક છે.”

સાંજે પૂ.શ્રીની છાતીએ ગરમ કરીને લેપ લગાવ્યો.

આજે પૂ.શ્રીને બેચેની વધુ જણાતી હતી.

છતાં ડૉ. રતિભાઇ, ચીમનભાઇ, સૌ. અતિલક્ષ્મીબેન અને સૌ. કમુબેન સાથે ઘણી વાતો કરી.

પછી પૂ.શ્રીએ ડૉ. રતિભાઇને કહ્યું: “ડૉક્ટર! ભગવાન મને અહીં કેમ લાવ્યો તે હજી સુધી સમજાતું નથી.”

ડૉ. રતિભાઇએ કહ્યું: “આપને શરદી-ઉધરસ અને તાવ છે તે ભોગવવા ભગવાને અહીં બોલાવ્યા છે.”

પૂ.શ્રીએ કહ્યું: “એમ પણ હોય.

માજીની માંદગી મેં માગી લીધી છે એટલે એમનું અધૂરું રહેલું મારે ભોગવવાનું હોય તે ભોગવવું પડે ને!”

સાંજના ચાર વાગ્યા.

ડૉ. રતિભાઇએ પૂ.શ્રીને કહ્યું: દિલ્હી ફોન કરીને શુકલ સાહેબને બોલાવીએ, ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે મને મટી જવાનું છે. હવે સારું લાગે છે.

ફોન કરીને નકામા બધાને શું કામ દોડાવવા?

મારે કોઇને બોલાવવા નથી.

લીંચવાળા બચુભાઇ (હાલના પૂ. પ્રેમ અવધૂત)ને ફોન કરી બોલાવવા કહ્યું તો પણ ના પાડી.

પૂ.શ્રી બોલ્યા: નાહકનું ભલા માણસને દોડાદોડ કરાવવી.

બે દહાડા પછી એવું લાગશે તો દહેરાદૂનમાં બેસી વડોદરા ઉતરી ત્યાંથી ઘોડાગાડી કરીને લીંચ જઇશું.

પછી બધે ખબર આપશું.
ડૉ. રતિભાઇ નાડ જોતા હતા નાડી ધીમી ચાલતી હતી એટલે એ થોડા ચિંતિત રહેતા હતા.
અને બધા મનોમન પૂ.શ્રીના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતા હતા.

•

## (૧૮)

## અમંગલકારી મંગળવાર

મંગળવારનો દિવસ ચાલુ હતો.
સાંજે પૂ.શ્રીએ સાબુદાણાની કાંજી માગી અને કાંજીનો નાનો પ્યાલો પીધો.
ડૉ. રતિભાઇએ સૂંઠ-લવીંગ ઘસીને પૂ.શ્રીના માથે લગાવ્યા.
માથે તેલ માલીસ કર્યું.
પગે ઇંદોરવાળો મલમ લગાવ્યો.
પૂ.શ્રીએ રતિભાઈને મોજા પહેરાવવાનું કહ્યું એટલે મોજા પહેરાવ્યા.
સાંજે પ્રાર્થના કરતા થોડું મોડું થયું એટલે પૂ.શ્રીએ તરત જ ટકોર કરી કે કેમ! આજે પ્રાર્થના નથી કરવી?

સાંજે છ વાગે પ્રાર્થના શરૂ કરી.
પૂ.શ્રી પણ બધાની સાથે પ્રાર્થના બોલવા લાગ્યા.
પ્રાર્થના થોડી બાકી હતી ત્યાં પૂ.શ્રીને ડોલડાલની (સંડાસની) હાજત થઇ.
રતિભાઈએ ચીમનભાઇ, અતિલક્ષ્મીબહેન અને કમુબહેનને કહ્યું કે રૂમની બહાર બેસી પ્રાર્થના કરો.
રતિભાઈએ કમોડ મૂક્યું.
ખુલાસે સંડાસ થયો પરંતુ પછી અશક્તિ જણાવવા માંડી અને જરા ગભરામણ થવા લાગી.
પૂ.શ્રીને ફરીથી ચૂંક આવી.
સહેજ ઝાડો ઊતર્યો પરંતુ ઉઠવાથી અશક્તિ ઘણી લાગી.
પૂ.શ્રી પલંગમાં બેઠા.
એમને ગરમ બંડી પહેરાવી.
પૂ.શ્રીને ઘીમાં ઈલાયચી તથા લવિંગ ચટાડ્યા.
પૂ.શ્રી એમ કહેતા કે વધુ ઉધરસ થાય ત્યારે આ મારી પેટંટ દવા છે.
ગળામાં કફ બોલતો હતો.
કફ છૂટો પડે તો ગભરામણ ઓછી થાય.
સાંજના સાડા સાત થયા હતા.
પૂ.શ્રી ખુરશીમાં બેઠા હતા.

લેપ લગાવેલો તે કાઢી નંખાવ્યો.
ઇજમીટનાં ફૂલ જરા મોઢામાં નાંખ્યા.
મધ સાથે થોડું પાણી પીધું.
ડૉ. રતિભાઇએ નાડી જોઇ અને વિચારમાં પડી ગયા.
સ્થિતિ બદલાવા લાગી.
ગભરામણ થતી હતી એટલે રતિભાઇએ કહ્યું કે કોઇ વૈદ્ય અગર ડૉક્ટરને બોલાવીએ.
ત્યારે પૂ.શ્રીએ જરા ગરમીથી કહ્યું, "મારે કોઇની દવાની જરૂર નથી. મને ૐ ૐ કરતો પડી રહેવા દો."
પૂ.શ્રીએ ગાંડા મહારાજ માટે લખેલા શ્લોકો આણંદ ધીરુભાઇ જોષીને છપાવવા આપેલા- તેને યાદ કરીને કહ્યું કે લખેલું કાગળિયું ખોવાઇ જશે તો?
પૂ.શ્રીએ કહ્યું કે જો કે મને એ શ્લોકો યાદ છે ત્યારે રતિભાઇએ કહ્યું કે "બાપજી! મેં એ શ્લોકોની નકલ કરી, રાખી મૂકી છે." (આ શ્લોકો માટે જુઓ ટાઇટલ પેજ નં. ૩)
પૂ.શ્રીને ખૂબ આનંદ થયો અને બોલ્યા કે:"બરાબર છે."
થોડી થોડી ગભરામણ ચાલુ હતી.
પૂ.શ્રીને કોઇ વાતચીત કરતા જુએ તો એ માંદા છે એવું ના કહે.
ફરીથી ઝાડાની હાજત થઇ પણ થયો નહિ.

પોતે ખુરશીમાં બેઠા.

પૂ.શ્રીને ગભરામણ જેવું લાગ્યું ત્યારે ડૉ. રતિલાલને કહ્યું કે જરા વાન્તિ (ઉલટી) થઇ જાય તો સારું.

રતિભાઈને થયું કે મીંઢળનું પાણી પાઈએ તો વાન્તિ થઈ જાય એટલે મીંઢળની તજવીજમાં પડ્યા.

પૂ.શ્રી પાછી ભારતના સંત સાધુ સમાજ અને દેશના ધાર્મિક વાતાવરણ સંબંધી એવી કકરાટી સાથે વાતો કરવા લાગ્યા કે કોઈને સહેજે શંકા ન આવે કે પૂ.શ્રી પોતાની લીલા  સંકેલવાની પૂર્વ તૈયારી કરી રહ્યા છે.

દર પંદર મિનિટે રતિભાઈને પૂછતા: "દાક્તર! કેટલા વાગ્યા?"

અને દાક્તર ઘડિયાળ જોઈને સમય કહેતા.

એમ કરતા કરતા પોણા નવ વાગ્યા.

ચૌદસ પૂરી થઈ ગઈ હતી અને અમાવાસ્યાનો અમલ ચાલતો હતો.

પૂ.શ્રીએ વાતો બંધ કરી અને ૐ ૐનું ઉચ્ચારણ કરવા માંડ્યું.

પૂ.શ્રી સાંભળે એ રીતે રતિભાઇ ક્યારના "ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!" એમ બોલતા હતા.

પૂ.શ્રીને મેથી આપી તે ખાધી અને પલંગમાં સુવાડ્યા. ઉપર ઓઢાડ્યું.

આ વખતે રાત્રીના નવ થયા હતા.
પૂ.શ્રીની કથળતી જતી તબિયતને ધ્યાનમાં રાખીને રતિભાઈએ રાત્રે સાડા આઠ વાગે મેનેજર અમૃતભાઈ પંડ્યાને જણાવ્યું કે દિલ્હી ફોન કરી જયશંકરભાઈ શુક્લ તથા શ્રી રમેશભાઈ ત્રિપાઠીને તાત્કાલિક બોલાવી લો.
નવ વાગીને ઉપર પાંચ મિનિટ થઈ હતી.
ડૉ. રતિભાઈએ પાછી નાડી જોઈ.
નાડી ધીમે ધીમે અને તૂટક તૂટક ચાલતી હતી.
તે ખરાબ પરિસ્થિતિનું સૂચન કરતી હતી.
પૂ.શ્રી જરા બેશુદ્ધ જેવા લાગ્યા.
મુખમાં ગંગાજળ રેડ્યું તો પૂ.શ્રીએ ઉતાર્યું.
ઘીનો દીવો વગેરે કરાવી લીધો.
પૂ.શ્રીના શરીરે ભસ્મ લગાવી.
કઠણ પરિસ્થિતિને પારખીને ચીમનભાઈ, અતિલક્ષ્મી બહેન, કમુબહેન વ. ધૂન બોલતા હતા.
ક્યારે શું થાય એ વિશે કંઈ કહી શકાય એમ હતું નહિ.
બરાબર નવ ને દશ મિનિટે પૂ.શ્રીએ ૐ ૐના સ્મરણ સાથે છેલ્લો શ્વાસ લીધો અને સ્થૂળ દેહની લીલા સંકેલી લીધી.
આસો વદ એકમ ને રવિવાર તા.૭મી ઓક્ટોબર, ૧૯૬૮ના રોજ નારેશ્વરથી શરૂ થયેલા સ્થૂળ દેહના

પ્રવાસ ઉપર સંવત ૨૦૨૫ના કારતકી ચતુર્દશીયુત અમાવાસ્યાને મંગળવાર તા. ૧૯મી નવેમ્બર, ૧૯૬૮ના રોજ હરિદ્વારમાં પૂર્ણવિરામ ચિહ્ન મૂકાયું.
પૂ.શ્રીએ પોતાની દેહ-લીલા હરિદ્વારમાં આટલી ઝડપથી કેમ સંકેલી લીધી એ પ્રશ્નનો શું જવાબ આપીએ?
પરંતુ એ ચોક્કસ કે કોઇ ભક્તની આર્ત પ્રાર્થનાને વશ થઇ એમણે પોતાનું આયુષ્ય એને આપી દીધું.
ભક્તને માટે ભગવાન શું ન કરે?
મરણ પથારીએ સૂતેલા કોક ભક્તને જીવન બક્ષવા માટે ભગવાન પોતે મરણ પથારીએ સૂતા.
ભક્ત આશીર્વાદ માગે અને ભગવાન પ્રાણ આપી દે એમાં નવું શું ને નવાઇ પામવા જેવું શું?
પૂ.શ્રીની લીલાને કોણ પામી શકે?

**અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત.**

●

# (૧૯)

## નારેશ્વરમાં વજ્રપાત

પૂ.શ્રીએ મંગળવાર ને તા. ૧૯મી નવેમ્બરના રોજ રાત્રે નવ કલાક ને દશ મિનિટે (ક.૯ મિ. ૧૦) દેહત્યાગ કર્યો.

સેવામાં ચાર ભક્તો.

અજાણ્યો પ્રદેશ.

અને અચાનક આપત્તિ તૂટી પડી.

ધર્મશાળાના મેનેજર શ્રીઅમૃતલાલ પંડ્યાએ સુકાન સંભાળ્યું.

એમણે દિલ્હી ફોન કરી શ્રી જયશંકરભાઈ શુક્લને જાણ કરી.

અમદાવાદ ડૉ. કનૈયાલાલ વાણીને, વડોદરા લુહાણા બોર્ડિંગમાં મુ. ભવાનીશંકર શાસ્ત્રીને, કમુબેનના ભાઈને અને હિંમતલાલ શેઠને ફોન દ્વારા જાણ કરી.

નારેશ્વર ખબર આપવા માટે મિયાગામ ઠક્કર રામલાલ પોપટલાલને અને લીંચના બચુભાઈને તાર કર્યો.

બચુભાઈને કરેલો તાર આજે પણ લીંચના સ્મૃતિ-સંગ્રહમાં સચવાયો છે.

બધાને એક જ સંદેશો આપ્યો કે: પૂ.શ્રીની બિમારી ગંભીર છે.

તરત હરિદ્વાર આવો.

મુ. શુક્લસાહેબ તા. ૨૦મીની વહેલી સવારે આવી પહોંચ્યા.

એમણે આકાશવાણી પરથી સમાચાર પ્રસારિત કરવાની વ્યવસ્થા કરી.

સવારે નવ વાગે રેડિયો ઉપરથી સમાચાર પ્રસારિત થયા કે સંતરાજ રંગ અવધૂત મહારાજ તા. ૧૯મીની રાત્રે હરિદ્વારમાં બ્રહ્મલીન થયાં છે.

આ સમાચાર પ્રસારિત થતાંની સાથે બધે હૈયાફાટ રોકકળ શરૂ થઇ ગઇ.

નારેશ્વર પાસેના લીલોડ ગામેથી મુ. વિશ્વનાથભાઇનો દીકરો સર્વદમન મારતી સાયકલે નારેશ્વર આવ્યો.

મુ. વિશ્વનાથભાઇ અને એમનું કુટુંબ નારેશ્વર આવી પહોંચ્યું.

સર્વદમન હાંફળો ફાંફળો મુ. મોદીકાકા પાસે પહોંચ્યો પણ “મહારાજ” એટલું જ બોલી શક્યો અને પછી પોક મૂકીને રડી પડ્યો.

મુ. મોદીકાકા ઊભા થવા ગયા ત્યાં એ બોલ્યો: ‘ગયા’.

મુ. મોદીકાકા શૂન્ય મનસ્ક થઇ ગયા, ડઘાઇ ગયા.

કશું સૂઝે નહિ.

થોડીવારમાં તો લીલોડ, સાચર, રારોદ અને આજુબાજુના ગામોમાંથી લોકો ચિત્કાર કરતાં નારેશ્વર આવવા લાગ્યા.

કોણ કોને છાનું રાખે?

કોણ કોને આશ્વાસન આપે?

એક જ વાત: "પૂ.બાપજીના દેહના અંતિમ દર્શન કરાવો."

મુ. મોદીકાકા પરિસ્થિતિને પામી ગયા.

જે વાત પહેલાં સ્વપ્નવત્ જણાતી હતી તે વાત સત્ય છે એની ખાતરી થઇ ગઇ.

મોટો પ્રશ્ન તો એ હતો કે હરિદ્વાર જેવા તીર્થધામમાં ગંગાકાંઠે દેહ પડે પછી એને અગ્નિસંસ્કાર માટે નારેશ્વર લવાય ખરો?

શાસ્ત્ર અને ધર્મપંડિતો શું કહે છે?

પણ સાથે સાથે ભક્તોની ભાવના અને લાગણી તથા માગણીનું શું?

એક મોટી સમસ્યા ઊભી થઇ.

કોયડો ઉકેલવાનો પડકાર ઉભો થયો.

પણ અડગ શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસ ધરાવનાર માટે કંઇ અશક્ય હોય ખરૂં કે?

●

# (૨૦)

## ક્રાંતિકારી નિર્ણય - સાચો ધર્મ

વ્યક્તિ જ્યારે પોતાના હિતનો વિચાર છોડીને પરિવારનો, સમાજનો કે રાષ્ટ્રનો વિચાર કરી સમૂહના હિતમાં હોય એવું આચરણ કરે તો એણે સાચા અર્થમાં ધર્મ બજાવ્યો એમ કહેવાય.

સર્વજનહિતાય અને સર્વજનસુખાય એવો અલૌકિક અને ક્રાંતિકારી નિર્ણય અમૃતલાલ મોદીએ- મોદીકાકાએ લીધો.

પૂ.શ્રીના દેહત્યાગના સમાચાર મળતાં જ નજીકના ભક્તો નારેશ્વર દોડ્યા.

દૂર દૂરના ભક્તોની લાગણી અને માગણી પણ મુ. મોદીકાકાના કાને આવી.

પૂ. બાપજીના અંતિમ દર્શન કરવાની ભક્તોની વ્યથા અને વ્યગ્રતાથી ભરેલી કાકલૂદીભરી વિનંતી એમને સ્પર્શી ગઇ અને પૂ.શ્રીના સ્થૂલ દેહને નારેશ્વર લાવવાનું વિચારવા લાગ્યા.

મુ. મોદીકાકા મોટર દ્વારા વડોદરા પહોંચ્યા.

વડોદરા લોહાણા બોર્ડિંગમાં અવધૂત પરિવાર ભેગો થયો હતો.

બધાની એક જ માગ: "પૂ.શ્રીના અંતિમ દર્શન કરાવો."
વિદ્વાનોનો મત ગંગાકાંઠે જ બધી ક્રિયા કરવી જોઇએ એવો.
ગંગાકાંઠે-તીર્થક્ષેત્રે દેહ છૂટે તો ત્યાં જ અંત્યેષ્ટિ સંસ્કાર થવો જોઇએ.
મુ. મોદીકાકા સમગ્ર પરિવારનું વિચારતા હતાં.
ત્યાં પૂ.માજીનો આદેશ થયો.
પૂ.માજીએ કહ્યું: "મોદી! વિચાર શું કરે છે? મને એ કાશી લઈ જવા કેટલું મથતા હતા, છતાં હું ગઈ નહિ અને નર્મદાની ગોદમાં પોઢી તો આણે તો ચાલીસ-ચાલીસ વરસ મા-નર્મદાનો ખોળો ખૂંદ્યો છે. મા-નર્મદાની પરિક્રમા કરી છે. એ મા-નર્મદાને વિસારે પાડવાની?"
બસ! મુ. મોદીકાકાએ પૂ.માજીની આજ્ઞા માથે ચઢાવી. પરિવારના ભક્તોના હૈયાને ટાઢક થાય એ માટે પૂ.શ્રીનો દેહ નારેશ્વર લાવવાનું નક્કી કર્યું.
જો તીર્થક્ષેત્રમાંથી આ રીતે દેહ લાવવાથી 'પાપ' લાગતું હોય કે અધર્મ થતો હોય તો તેનું પરિણામ વ્યક્તિગત ભોગવી, બધાના હિતમાં (સર્વજનહિતાય) અને બધાના સુખમાં (સર્વજનસુખાય) એમણે ક્રાંતિકારી નિર્ણય લીધો.

ચાલીસ જણા બેસી શકે એવું વિમાન લઇને મુ. મોટીકાકા અને અન્ય ભક્તો દિલ્હી જવા ઉપડ્યા. આ બાજુ હરિદ્વારથી ભક્તો પૂ.શ્રીના સ્થૂલ દેહને મોટર દ્વારા દિલ્હી લઈ આવ્યા હતા એટલે દિલ્હીથી અમદાવાદ દેહને લઈ જવાની વ્યવસ્થા વિચારાઈ.

પૂ.શ્રીના દેહને વ્યવસ્થિત રીતે વિમાન અધિકારીઓની સૂચના અનુસાર, એક પેટીમાં પધરાવી દીધો અને ચાલીસ ભક્તોને લઇ જઇ શકાય એવું ચાર્ટર્ડ વિમાન અમદાવાદ જવા રવાના થયું.

તા. ૨૧ની સવારે આઠ વાગે દિલ્હીથી વિમાનમાર્ગે પૂ.શ્રીના દેહને અમદાવાદ લાવવામાં આવ્યો.

●

# (૨૧)

# અંતિમ યાત્રા
# (અમદાવાદ વિમાનઘરથી નારેશ્વર)

પૂ.શ્રીના સ્થૂલ દેહને હરિદ્વારથી મોટર દ્વારા દિલ્હી લાવવામાં આવ્યો અને દિલ્હીથી ચાર્ટર્ડ પ્લેન દ્વારા અમદાવાદના એરોડ્રામ ઉપર લાવવામાં આવ્યો.

એરોડ્રામ ઉપર અફાટ માનવ મેદની ઉભરાયેલી હતી.

પોતાના આરાધ્ય દેવના દર્શન માટે રડતી આંખે લોકો આતુર નયને રાહ જોતાં હતા.

પૂ.શ્રીના સ્થૂલ દેહને શણગારેલી મોટર-ટ્રકમાં પધરાવ્યો.

શરીર છોડ્યાને છત્રીસ કલાક થયા હોવા છતાં શરીરમાં વિકૃતિ ન હતી.

એ જ યોગનિદ્રારૂઢ ભવ્ય ભાવ વેરતી મુખમુદ્રા શોભતી હતી.

કપાળ તેજના ઝગારાથી શોભતું હતું.

ભક્તોને દર્શન કર્યાનો સંતોષ થાય એ માટે મોટરટ્રક ખૂબ જ ધીમી ગતિથી ફેરવવામાં આવતી હતી.

ત્રણ વાર રેલિંગ નજીકથી આંટા માર્યા બાદ ટ્રકને એરોડ્રામની બહાર લાવવામાં આવી.

પૂ.શ્રીના મૃતદેહને અનેક મહાનુભાવોએ શ્રદ્ધાપૂર્વક ફૂલહાર ચઢાવ્યા.

પોલીસ બંદોબસ્ત ખૂબ જ વ્યવસ્થિત હતો.

લોકો સંયમપૂર્વક અને શિસ્તબદ્ધ રીતે દર્શન કરવા માટે ઊભા હતા.

હવે પૂ.શ્રીના મૃતદેહને લઈને મોટરટ્રક નારેશ્વર પ્રતિ પ્રયાણ કરતી હતી.

અમદાવાદથી નારેશ્વરના રોડ ઉપર લોકો ખાધા-પીધા વગર પોતાના ભગવાનના અંતિમ દર્શન કરવા માટે આંસુ ભરેલી આંખે ઊભા હતા.

અમદાવાદથી ઉપડેલી મોટરટ્રક નવાગામ, ખેડા, નડિયાદ, વડોદરા, પોર, કરજણ વગેરે સ્થળોથી પસાર થઈ નારેશ્વર તરફ જતી હતી.

ગામોગામ ભક્તોની ભારે ભીડ જામી હતી.

લોકો અશ્રુભીની આંખે ભાવભીની શ્રદ્ધાંજલિ આપતા હતા.

પૂ.શ્રીના અંતિમ દર્શનની રાહ જોતાં ભક્તો ભજન-ધૂન અને ગીતાપાઠ કરતા હતાં.

દરેક ગામે દર્શન માટેની ભક્તોની ભીડ એવી તો સખત હતી કે મોટરટ્રક ત્યાં થોડી વાર થોભી જતી.

અમદાવાદથી સવારે નીકળેલી એ મોટરટ્રક નારેશ્વર રાત્રે પહોંચી.

નારેશ્વરમાં તો માનવ મહેરામણ હિલોળે ચઢ્યો હતો. લોકોને કાબૂમાં રાખવાનું કામ પણ મુશ્કેલ હતું. મોટરટ્રકમાંથી પૂ.શ્રીનો પાર્થિવ દેહ ઉતારવામાં આવ્યો અને એને નારેશ્વરની ગુફાના ઓટલે દર્શનાર્થે મૂકવામાં આવ્યો હતો.

આમ અમદાવાદથી શરૂ થયેલી અંતિમ યાત્રા નારેશ્વરના દ્વારે સમાપ્ત થઇ.

નારેશ્વરમાં પૂ.શ્રીના દેહનો અંત્યેષ્ટિ સંસ્કાર થવાનો હતો.

●

## (૨૨)

## અંત્યેષ્ટિ સંસ્કાર

'રેવા તટે તપઃ કુર્યાત્ મરણં જાહ્નવી તટે।' એ સૂત્રને ચરિતાર્થ કરનાર દત્તાવતારી પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના પાર્થિવ દેહને હરિદ્વારથી નારેશ્વર લાવવામાં આવ્યો.

જીવનભર મા-રેવાને કાંઠે રહેનાર રંગદાદાનો રેવા તટે જ અંત્યેષ્ટિ સંસ્કાર થયો.

નારેશ્વરમાં પાર્થિવ દેહને લાવતા લાવતા રાત્રી થઇ ગઇ. ભક્તોની ભીડનો તો પાર નહિ.

લોકો પોતાના ગુરુમહારાજના અંતિમ દર્શન માટે આકુળ-વ્યાકુળ હતા.

ગુફાની પાસે તૈયાર કરેલા પ્લેટફોર્મ ઉપર પૂ.શ્રીના સ્થૂળ દેહને પધરાવવામાં આવ્યો.

અનાથ બની ગયેલા ભક્તોએ શ્રદ્ધા-સુમન ચઢાવ્યા અને મનને શાતા આપી.

પૂ.શ્રીના પાર્થિવ દેહને નર્મદા સ્નાન માટે લઇ જવાની જાહેરાત થઇ.

ધૂન ગાતાં ગાતાં પૂ.શ્રીને લઇ જવામાં આવ્યા.

બંને બાજુ ભક્તો કતારમાં ઊભા રહ્યા હતા.

આંખમાંથી આંસુડાની ધાર વહી જતી હતી અને છતાં ધૂન તો બોલાતી જ જતી હતી.

ધીરે ધીરે અંતિમ શોભાયાત્રા છેવટે રેવા કિનારે પહોંચી.

પૂ.શ્રીના દેહને રેવામાના ખોળે સમર્પિત કર્યો.

સ્નાન કરાવ્યું અને ફરી પાછા દેહને લઇને ભક્તો જયાં અંત્યેષ્ટિ સંસ્કાર થવાના હતા ત્યાં આવ્યા.

જે લીમડાની નીચે પૂ.શ્રીએ અનેક વર્ષો સુધી આસન રાખ્યું હતું તે લીમડો, પૂ.શ્રીની ગુફા, પૂ.માજીની પ્રતિમા અને માતૃસ્મૃતિ શૈલ એ ચારેના કેન્દ્રમાં અંત્યેષ્ટિ સંસ્કાર માટે જગ્યા નક્કી થઇ હતી.

આ નક્કી થયેલી જગ્યાએ ચિતા તૈયાર કરવામાં આવી હતી.

સોળ મણ (૩૨૦ કિલો) સુખડ અને પારાવાર સુગંધી દ્રવ્યોના ઢગલે ઢગલા સાથે ભક્તોએ પણ આણેલા ઘી અને સુખડના કટકાઓ મૂકી ચિતા સજાવવામાં આવી. સંત બ્રહ્મલીન થાય પછી તો એ અત્ર, તત્ર, સર્વત્ર વ્યાપી જાય છે.

દેહનું બંધન ન રહેવાથી એની લીલાનો વિસ્તાર વ્યાપક બની જાય છે એટલે એવા અવતારી પુરુષના અંત્યેષ્ટિ સંસ્કાર પ્રસંગે ધૂન-ભજન-કીર્તન થતાં હોય છે અને જન્મતિથિ કરતાં પણ પુણ્યતિથિનું મહત્ત્વ વધી જાય છે.

પૂ.શ્રીની પાસે ઊભેલા ભક્તોએ હાર ચઢાવ્યા અને અત્તર પણ લગાડ્યું.

પૂ.શ્રીના પાર્થિવ દેહને છેલ્લું અત્તર લીંચના બચુભાઇ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી)એ લગાવ્યું.

પૂ. અવધૂતજીના જ ગોત્રમાં જન્મેલા, નારેશ્વરમાં જીવનના અંતિમ વર્ષો ગાળનાર અને પૂ.માજીની સમગ્ર ઉત્તરક્રિયા કરાવનાર શાસ્ત્રોકત વિધિના જાણનાર મુ. અલવણીદાદાએ પૂ.શ્રીના સ્થૂલ દેહનો અંત્યેષ્ટિ સંસ્કાર કર્યો- અગ્નિસંસ્કાર થયો.

અગ્નિનારાયણ પણ એ પાવન દેહને પ્રાપ્ત કરવાથી પવિત્ર થયાનો હરખભેર આત્મસંતોષ બતાવી રહ્યા.

અગ્નિસંસ્કાર થયા પછી થોડી જ વારમાં ચિતામાંથી પૂ.શ્રીનો ડાબો હાથ ઊંચો થયો જાણે કે ભક્તોને આશીર્વાદ આપતા ના હોય!!

બીજે દિવસે સવારે પૂ.શ્રીના દેહના અસ્થિ એકત્રિત કરી એ અસ્થિ તથા વીંટલા, માળાના કેટલાક મણકા વગરે નર્મદાજીમાં પધરાવી દીધા.

જીવનભર મા-રેવાના તટે વિહાર કરનાર પૂ.શ્રી અંત સમયે ગંગા કિનારે કેમ ગયા?

ભાગવત માર્તંડ પૂ.શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી- દાદાજીએ આ બનાવને સરસ રીતે સમજાવ્યો હતો.

એમણે કહ્યુ: "ગંગાજીએ રેવાજીને વિનંતી કરી કે બેન! તારા કાંઠે તો અવધૂતજી જીવનભર રહ્યા અને તું તો પાવન થઈ ગઈ તો છેલ્લે છેલ્લે મારે કાંઠે ના મોકલે?" અને ગંગાજીની વિનંતી રેવાજીએ માની અને મા-નર્મદાની વિનંતી પૂ.શ્રીએ સ્વીકારી.

પરિણામે ગંગાકાંઠે ગયા.

મા-રેવાને પૂ.શ્રીએ આત્મા આપ્યો અને મા-ગંગાને સ્થૂલ દેહ સોંપ્યો.

હે બાળકો! આપણા રંગદાદાની વાતો કેવી અદ્ભુત અને અલૌકિક છે!!

●

# (૨૩)

## રંગ મંદિર, નારેશ્વર

સને ૧૯૨૫ એટલે કે સંવત ૧૯૮૧માં પૂ.શ્રીએ સૌ પ્રથમ નારેશ્વરની ધરતી પર પગ મૂક્યો અને ૨૫મી ડિસેમ્બર, ૧૯૨૫ એટલે કે સંવત ૧૯૮૨ના માગસર વદ ચોથને દિવસે નારેશ્વરની ધરતી પર સૌ પ્રથમ આસન મૂક્યું.

સને ૧૯૬૮ની ૧૯મી નવેમ્બરે એટલે કે સંવત ૨૦૨૫ના કારતક માસની અમાસે- મંગળવારે પૂ.શ્રીએ હરિદ્વારમાં દેહત્યાગ કર્યો અને ૨૧મી નવેમ્બર એટલે કે માગસર સુદ બીજ ને ગુરુવારે એમના દેહનો અંત્યેષ્ટિ સંસ્કાર થયો.

તેંતાલીસ વર્ષની કઠોર તપશ્ચર્યાથી નંદનવન બનેલા નારેશ્વરમાં ભક્તોને પૂ.શ્રીની સ્મૃતિરૂપે મંદિર બાંધવાની પ્રેરણા થઇ.

અસંખ્ય ભક્તો પોતાના હૃદય સિંહાસન પર બિરાજેલા ગુરુમહારાજને મંદિરમાં મૂર્તિસ્વરૂપે સ્થાપવા માગતા હતા.

સને ૧૯૭૧ની ૩૧મી જાન્યુઆરી એટલે કે સંવત ૨૦૨૭ની મહા સુદ પાંચમ- વસંત પંચમી- ને

રવિવારના રોજ પૂ.શ્રીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા થઇ. દેવનું કાર્ય દેવ કરે છે એ ન્યાયે ફંડફાળો કે ઉઘરાણું કર્યા વિના જ રંગમંદિર તૈયાર થઇ ગયું.

ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને આફ્રિકામાંથી હજારો ભક્તોએ હાજરી આપી.

સંતો-મહંતો પણ પધાર્યા.

પૂ. ગુલવણી મહારાજ, પૂ. મુકતાનંદબાબા, પૂ.શ્રી સખારામ શાસ્ત્રી ચેડુકરજી, પૂ. કવીશ્વર મહારાજ, ભાગવત માર્તંડ પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજી, પૂ. આત્મારામ જેરે શાસ્ત્રીજી અને પૂ.શ્રી સતીન્દ્રચંદ્ર ભટ્ટાચાર્ય જેવા અનેક મહાનુભાવો પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા.

ત્રણ દિવસનો એ મહોત્સવ વિવિધ કાર્યક્રમોથી મહેંકી ઊઠ્યો.

પ્રતિમાના પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે એક દિવસ દત્તયાગ થયો.

પ્રસંગને અનુરૂપ પ્રદર્શનનું આયોજન થયું હતું.

રાત્રે કીર્તનનો કાર્યક્રમ થયો.

'યુગોના યુગો વહી જાય, પણ અવધૂત ભૂલાશે નહિ' એવી ધ્રુવપંક્તિના સંદર્ભમાં સરસ મઝાનું કવિસંમેલન પણ થયું.

પૂ.શ્રીના દેહનો જે સ્થળે અંત્યેષ્ટિ સંસ્કાર થયો હતો તે જ સ્થળે રંગમંદિરનું નિર્માણ થયું.
જયપુર મુકામે પ્રતિમા તૈયાર થઈ અને પછી વાજતે ગાજતે, અનેક ગામોમાં થઈને એ પ્રતિમા ટ્રક દ્વારા નારેશ્વરમાં આવી.
રંગમંદિર, નારેશ્વરના પાયામાં લાખોની સંખ્યામાં 'દ્રાં દત્તાત્રેયાય નમ:' એ મંત્ર લખીને મૂકવામાં આવ્યા હતો તો પ્રાણ પ્રતિષ્ઠા સમયે નિશ્ચિત સંખ્યામાં બ્રાહ્મણો દ્વારા આ જ મંત્રના જાપો પણ થયાં.
પૂ.શ્રીની પ્રતિમા એવી રીતે પધરાવવામાં આવી કે એઓ એમના માતુશ્રીના સતત દર્શન કર્યા કરે.
પૂ.માજીની પ્રતિમાની સ્થાપના પૂ.શ્રીની હયાતિ દરમ્યાન જ થઈ હતી.
ધૂન, ભજન, પુસ્તકોનું પ્રકાશન, મહાનુભાવોના પ્રવચનો જેવા વિવિધ કાર્યક્રમોથી ત્રણ દિવસનો ઉત્સવ સમાપ્ત થયો.
જુનું શિવાલય અને પોતાની ગુફા ઉપરની શ્રીપાદવલ્લભ વગેરેની મૂર્તિને બાદ કરતા તેઓ પ્રાણીમાત્રમાં પોતાના ઈષ્ટદેવના દર્શન કરતાં.
'દેહો દેવાલય બધા, આત્મા દેવ અભેદ' એવી દષ્ટિવાળા પૂ.શ્રી માટે તો હરેક વ્યક્તિ એ હરતું ફરતું મંદિર જ હતું.

આજે નારેશ્વરના રંગમંદિરે વહેલી સવારના સાડા પાંચથી રાત્રે આઠ સુધી વિવિધ સમયે પૂજા-આરતીનો ક્રમ ચાલ્યા જ કરે છે.

પૂ.શ્રીની આ પ્રતિમા આજે પણ ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે.

"યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી" એ ન્યાયે શ્રદ્ધા અને ઊંડા વિશ્વાસનો અહીં અચૂક પડઘો પડે છે.

રંગમંદિર, નારેશ્વરમાં ચાર ધામ, સાત પુરી અને બાર જ્યોતિર્લિંગોની યાત્રાનું ફળ રહેલું છે.

સ્થૂલ દેહની સમાપ્તિ પછી એકલવાયાપણું અનુભવતા ભક્તોએ નારેશ્વરમાં રંગમંદિરનું નિર્માણ કર્યું અને પૂ.શ્રીએ પણ બ્રહ્મલીન થયા પછી, અનેક લીલાઓ કરી પોતાની ઉપસ્થિતિનો અહેસાસ કરાવ્યો.

આવી અનેક લીલાઓ પૈકી બે લીલાનું વર્ણન હવે પછી.

●

# (૨૪)

## ભકતાધીન ભગવાન

સ્વામીની અનન્ય નિષ્ઠાથી સેવા કરનાર સેવક અને અનન્ય ભાવથી ભગવાનની ભક્તિ કરનાર ભકત એ બંનેનાં જીવનની સફળતા એ જ કે સ્વામી સેવકને આધીન થઇ જાય અને ભગવાન ભકતને આધીન થઇ જાય.

પ.પૂ. રંગદાદા સંવત ૨૦૨૪ના આસો વદ એકમના રોજ નારેશ્વરથી નીકળી ઉત્તરસંડા થઇ નડિયાદ ગયા. ત્યાંથી અરેરા થઇને કપડવંજ ગયા.

કપડવંજના ભકતોએ પૂ.શ્રીની હાજરીમાં દિવાળી ઉજવી.

લીંચના મુ. બચુભાઇ કપડવંજ પહોંચ્યા.

આમ તો રંગદાદા લીંચ જવાના હતા પરંતુ હવે કાર્યક્રમ બદલાયો હતો.

હવે પૂ.શ્રી જયપુર જવાના હતા અને ત્યાંથી દિલ્હી થઇને હરિદ્વાર જવાના હતા.

કપડવંજમાં પૂ.શ્રીને મળવા મુ. બચુભાઇ ગયા.

પૂ.શ્રીએ કહ્યું કે હવે લીંચ આવવાનું માંડી વાળું છું. સાબરમતી આવીશ.

તમારા બહેનના ઘરે મુકામ કરીશું.
તમે લીંચના બધા ત્યાં આવજો.
એક દિવસની લીંચની ટિચામણ તકલીફ કરે એમ છે.
એક રાત માટે ટિચામણ થાય.
‘કરિષ્યે વચનં તવ’ના આદર્શને જીવનાર મુ. બચુભાઈએ કહ્યું: “બાપજી! લીંચમાં તો બધા રોજ આપની રાહ જુએ છે ને રોજ પીવાનું પાણી પણ ભરે છે. છતાં આપને જેમ અનુકૂળ હોય તેમ.
અમે બધાં સાબરમતી આવીશું.”
પૂ.શ્રીએ કહ્યું: “તમે સાબરમતી આવો ત્યારે બનાવેલો ‘ચ્યવનપ્રાશ’ લેતા આવજો.”
એટલે બચુભાઈએ કહ્યું કે એ તો હું લાવ્યો જ છું.
ને બાપજી અંગૂઠો અને આંગળીની ભંગી કરીને બોલ્યા ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત ! અને પૂ.શ્રી ખૂબ જ પ્રસન્ન થયા.
પૂ.શ્રી કપડવંજથી નડિયાદ થઈ સાબરમતી પહોંચ્યા.
લીંચના ભક્તો ટ્રેન દ્વારા સાબરમતી આવી ગયા.
પૂ.શ્રીના પગે ખૂબ સોજા હતા.
શરીર અસ્વસ્થ હતું.
મુ. બચુભાઈને ચિંતા થઈ.
હરિદ્વાર તો હિમાલયની તળેટીમાં આવેલું તીર્થધામ.

ત્યાં તો ખૂબ ઠંડી પડે.

એ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું: "બાપજી! આ ઠંડીની ઋતુમાં લોકો હરિદ્વાર બાજુથી આ તરફ આવે છે અને આપ આવા શરીરે હરિદ્વાર જશો?" તેમ કહીને રડી પડ્યા.

પૂ.શ્રી એમનું મન પામી ગયા.

હૃદયની વેદનાને ઓળખી ગયા.

એમણે કહ્યું: "તું ચિંતા ના કર. મેં મારી સાથેના માણસોને કહી રાખ્યું છે કે મારી તબિયત અસ્વસ્થ થાય તો મને લીંચ લઈ જજો. ત્યાં મારી સારી સેવા થશે."

પૂ.શ્રીના આ જવાબથી મુ. બચુભાઈના મનને ટાઢક થઈ.

પૂ.શ્રી સાબરમતીથી વિમાન દ્વારા જયપુર ગયા અને ત્યાંથી હરિદ્વાર ગયા.

હરિદ્વારમાં એમણે કારતક વદ ચૌદસ ઉપર અમાસ ને મંગળવાર એટલે કે તા. ૧૯મી નવેમ્બર, ૧૯૬૮ના રોજ દેહ છોડી દીધો.

આ સમાચાર લીંચ મુ. બચુભાઈને મળ્યા ત્યારે માથા પર આકાશ તૂટી પડ્યું હોય એવું લાગ્યું.

પૂ.શ્રી જતા રહ્યા?

બારોબાર જતા રહ્યા?

તબિયત બગડે તો લીંચ આવવાનું કહ્યું હતું અને લીંચ આવ્યા વગર જતા રહ્યા?

બેબાકળું મન વધુ ચકડોળે ચઢ્યું.

મનમાં રીસ ઉપજી.

થોડી ખીજ પણ ચઢી.

'બાલાનાં રોદનં બલં' બાળકનું બળ રૂદન.

એમનું અંતઃકરણ રડવા લાગ્યું.

પૂ.શ્રીને પોકારવા લાગ્યું.

આ વ્યથા અને વેદનાની વચ્ચે એમણે અન્નનો ત્યાગ કર્યો.

અગ્નિસંસ્કાર વખતે ૫૦ વ્યક્તિઓ નારેશ્વર પણ ગઇ હતી.

પૂ.શ્રી બ્રહ્મલીન થયા એ નિમિત્તે દશ અગિયાર અને બારમા દિવસે ધૂનનો કાર્યક્રમ રાખ્યો.

કાર્યક્રમમાં એકદમ સક્રિય.

હૃદય પર વ્યથા અને વેદનાનો બોજ, શરીર અન્ન વિના કામ કરે અને ધૂન જેવા કાર્યક્રમો દ્વારા મનને સમજાવવાનો પ્રયત્ન કરે.

પણ મન માને નહિ.

લીંબુપાણી મધ સાથે લે.

કોક વાર ગોળનું પાણી લે.

એ સિવાય બીજું કશું લે નહિ.
આ વેદના ને રિસામણાં અઢાર દિવસ ચાલ્યા.
અઢારમે દિવસે રાત્રે અઢી વાગે દ્દષ્ટાંત થયો.
પૂ.શ્રી એકલો લંગોટ ધારણ કરીને રૂમના ઉંબરા પર ઉભા રહ્યા.
મુ. બચુભાઇ તંદ્રાવસ્થામાં હશે.
પૂ.શ્રી બોલ્યા: "મારે લીંચમાં દેહ છોડવાનો એટલે શું હાડકાં પાડવાના? પ્રાણ પૂરવાનો અને તે પ્રાણ તો મેં પૂર્યો જ છે. એકસો બાવીસ- એકસો બાવીસ."
આટલું કહ્યું ત્યાં જ મુ. બચુભાઇની આંખ ખૂલી ગઇ.
પહેલા તો એકસો બાવીસ- એકસો બાવીસનો અર્થ ધ્યાનમાં ના આવ્યો પણ પછીથી સમજાયું કે શ્રીગુરુલીલામૃતના એકસો બાવીસમા અધ્યાયનો એકસો બાવીસમો દોહરો વાંચો.
રાત્રે હાથ-પગ ધોઇને દોહરો કાઢ્યો.
દોહરો હતો:

"કારણ કે જનદ્દષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોએ સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર."

દોહરો વાંચતા જ અંતર હળવું ફૂલ થઇ ગયું.
મન ઉપરથી બોજો હટી ગયો.
હવે પ્રાણીમાત્રના-સર્વના-અંતરમાં બાપજીને જોવાનો પ્રયત્ન કરવાનો એવો અર્થ કર્યો.

સંવત ૨૦૦૬માં પહેલી વાર પૂ.શ્રીની આંખના દર્શન કરેલા અને હવે ૨૦૨૫થી પૂ.શ્રીની આંખે જગતને જોવાનો બોધ મળ્યો.

અવતારી પુરુષો સ્થૂલ દેહ છોડ્યા પછી પણ દિવ્યલીલા કરતા જ રહે છે.

આવા પુરુષો સંદેશા પણ મોકલતા હોય છે.

જરૂર છે એ સંદેશાને ઝીલવાની શક્તિ ધરાવનાર યોગ્ય વ્યક્તિની.

હે બાળકો! સરલતા, નિષ્કપટીપણું અને સત્ય જેવી દૈવી સંપત્તિ જીવનમાં વિકાસ કરવાથી આવી લાયકાત આવે છે.

અવતારી પુરુષો આશીર્વાદ ઝીલવાની અને એ પ્રમાણે જીવવાની વૃત્તિ અને શક્તિ આપણામાં વૃદ્ધિ પામો એવી રંગદાદાના ચરણે પ્રાર્થના.

●

# (૨૫)

## આપણા ગુરુલીલામૃતમાં શું નથી?

આપણા રંગદાદાએ હરિદ્વારમાં દેહત્યાગ કર્યો.
મંગળવારને ૧૯મી નવેમ્બર, ૧૯૬૮નો દિવસ.
પરંતુ આવા અવતારી પુરુષોને લીલા કરવા માટે દેહ હોવો જ જોઈએ એ જરૂરી નથી.
પરમ ચૈતન્યમાં ભળીને એ પોતાની લીલા કરતા જ રહે છે.
દેહત્યાગ કર્યા પછીની આ લીલા છે.
નારેશ્વરના સામે કિનારે આવેલા ગામો પૈકીનું એક ગામ.
નામ ઉમલ્લા. પૂ.શ્રીની ભક્તિનો ગઢ ગણાય.
એમાં એક એકનિષ્ઠ ભક્ત રહે.
એમના અવસાન પછી એમના દીકરાને માથે આફત તૂટી પડી.
એના ખેતરમાં કોઈ લાશ ફેંકી ગયું.
એટલે એમના પર ખૂનનો આરોપ આવે.
એ પોતે નિર્દોષ હોવા છતાં પુરાવાને કારણે મુશ્કેલીમાં મૂકાયા.
બધી સમસ્યાનું સમાધાન એટલે રંગદાદા અને તેમની તપોભૂમિ નારેશ્વર.

એ ભક્તે ટ્રસ્ટના પ્રમુખ શ્રીજયંતીભાઇ આચાર્યને રૂબરૂ મળી સંકટની જાણ કરી અને એમાંથી છૂટવા કોઇ અનુષ્ઠાન માગ્યું. નારેશ્વરના બધા ભુદેવોને જુદા જુદા અનુષ્ઠાન કરવા બેસાડ્યા.

મુ. જયંતીભાઇએ પૂ. પ્રેમ અવધૂતજીને પત્ર લખ્યો.

પૂ. પ્રેમ અવધૂતજીએ સંજોગને ધ્યાનમાં લઇને જે સૂઝ્યું તે મુજબનું સ્તોત્ર લખી જણાવ્યું.

એ પત્ર કોક દ્વારા ટપાલના ડબ્બામાં પોસ્ટ કરાવ્યો.

સાંજે પોતે પોતાના ઘરેથી કુટિર જવા નીકળ્યા.

ગામના પાદરેથી કુટિર જવાના વળાંકે થોડું ચાલ્યા, ત્યાં કાન ઉપર અવાજ આવ્યો: “આપણા ગુરુલીલામૃતમાં શું નથી?” એમણે એ વાતને સહજતાથી લીધી.

કુટિરેથી ઘરે જતાં પાછું એ જ જગ્યાએ “આપણા ગુરુલીલામૃતમાં શું નથી?” નો અવાજ કાને પડ્યો.

પૂ. પ્રેમ અવધૂતજી ઘરે ગયા અને એ વાતને બહુ મહત્ત્વ ના આપ્યું અને પોતાને ભ્રમણા તો નહિ થતી હોય?

આવું બે-ત્રણ દિવસ લાગલગાટ ચાલ્યું.

એટલે કુટિરેથી ઘરે આવતાં એમને ખ્યાલ આવ્યો કે પ.પૂ. અવધૂત બાપજી મને શ્રીગુરુલીલામૃતમાંથી અનુષ્ઠાન આપવાનો આદેશ કરે છે.

પરંતુ શ્રીગુરુલીલામૃતમાં તો ૧૯૦૦૫ દોહરા છે.
તો ક્યા દોહરા પસંદ કરવા?
બધી મૂંઝવણ અને મથામણનો મંગલ ઉકેલ એટલે શરણભાવ.
પૂ. પ્રેમ અવધૂતજી તો ઘરે પહોંચ્યા.
હાથ-પગ ધોઈને પોતાની રૂમમાં ગયા.
ત્યાં ખુરશી પર શ્રીગુરુલીલામૃતના જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડ એમ ત્રણ કાંડો મૂકેલા હતા.
પૂ. પ્રેમ અવધૂતજી તો સામે બેઠા.
અવધૂત બાપજીનું સ્મરણ કર્યું અને પ.પૂ. બાપજીને કહ્યું કે: "બાપજી! આ તમે વારે વારે સૂચના આપો છો તો હવે હું સામે પડેલા ત્રણ કાંડમાંથી ઉપરનો કાંડ લઈશ અને એ કાંડ ખોલીશ.
એ કાંડ ખોલતા જમણા હાથે, જે દોહરા આવશે એમાંથી સાતેક દોહરા અનુષ્ઠાન માટે આપીશ."
આમ કહીને એમણે ઉપરનો કાંડ લીધો.
એ ઉપાસનાકાંડ હતો.
એ કાંડ ખોલ્યો તો ૧૧૫મો અધ્યાય નીકળ્યો અને પાન ખોલ્યુ તો જમણા હાથે 'વાલાવલી ખૂન કેસ' અંગેના દોહરા હતા.
અને પહેલો શબ્દ ખૂન જ હતો.

પૂ. પ્રેમ અવધૂતજીને સમજાઇ ગયું કે પૂ.શ્રી પોતાના ભકતના દીકરાની પૂરેપૂરી કાળજી રાખે છે.

એમણે એમાંથી સાત દોહરા લખીને મુ.જયંતીભાઈને મોકલી આપ્યા અને પોતાનો અનુભવ પણ લખી મોકલ્યો.

પેલા ભકતે જણાવ્યા મુજબ દોહરાનું અનુષ્ઠાન કર્યું. અને એ ભકત નીચલી કોર્ટમાંથી નિર્દોષ છૂટી ગયા.

ઉપલી અદાલતમાં સરકાર ગઈ પણ બધી જ અદાલતમાં નિર્દોષ છૂટી ગયા.

એ ભક્ત છેલ્લી અદાલત દ્વારા પણ નિર્દોષ છૂટ્યા એટલે પહેલા લીંચ અવધૂત કુટિરે ગયા.

પૂ. પ્રેમ અવધૂતજીને મળ્યા અને પછી નારેશ્વર થઈ ઘરે પહોંચ્યા.

રંગદાદાએ મુ. સુમનલાલ પુરોહિત નામના ભકતને કહેલું કે: "માસ્તર! આ તો મારી ચાર આની લીલા છે. બાકીની બાર આની લીલા તો પછીથી થશે."

ખરેખર! એ બાર આની પૈકીની જ આ એક લીલા છે. હે બાળકો! તમે ભગવાન એવા રંગદાદાની વાતો સાંભળીને? આપણે કેવા ભાગ્યશાળી છીએ કે આપણે આવા ભગવાનના સંતાનો છીએ.

તમારા પપ્પા-મમ્મી કે દાદા-દાદીએ તો રંગદાદાને જીવતા જોયા હશે અને એમના આશીર્વાદો મેળવ્યા હશે.

તમે પણ મોટા થઈને મોટા કામ કરજો, હોં કે!

"બાળકોના રંગદાદા"ની વાત અહીં પૂરી કરીએને!

વાર્તા કહેનાર કે વાતો કરનાર સમાપ્તિ સમયે ભવિષ્ય માટેનો દરવાજો ખૂલ્લો રાખીને છેલ્લે કહેતો હોય છે કે

આંબે આવ્યા મોર,
વાર્તા કરીશું પોર.

પોર એટલે આવતા વર્ષે. હવે આવતા વર્ષે વાતો કરીશું. ચાલો, ત્યારે.....

**અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત.**

●

# પરિશિષ્ટ

- સંવત ૨૦૨૪ના આસો વદ એકમ ને સોમવાર તા. ૭મી ઓક્ટોબર, ૧૯૬૮ના રોજ નારેશ્વરથી શરૂ થયેલો પ્રવાસ સંવત ૨૦૨૫ના કારતકી અમાવાસ્યા ને તા. ૧૯મી નવેમ્બર, ૧૯૬૮ના રોજ પૂરો થયો.આમ આ પ્રવાસ ૪૪ દિવસનો હતો.
- પૂ.શ્રી બ્રહ્મલીન થયા ત્યારે હરિદ્વારમાં ડૉ. રતિલાલ પંડ્યા, શ્રીચીમનલાલ શેઠ, તેમના પત્ની અતિલક્ષ્મી બેન અને કમુબેન પટેલ એમ ચાર રંગભક્તો હાજર હતા.
- પૂ.શ્રી અમદાવાદથી જયપુર અને જયપુરથી દિલ્હી વિમાન દ્વારા ગયા.
- આ પ્રવાસ દરમ્યાન શ્રી સુમનલાલ પુરોહિત જયપુર સુધી સેવામાં હતા અને જયપુરથી ડૉ. રતિલાલ પંડ્યા સેવામાં હતા.
- પૂ.શ્રી નારેશ્વરથી નડિયાદ, નડિયાદથી અરેરા, અરેરાથી કપડવંજ, કપડવંજથી સાબરમતી (અમદાવાદ થઇ), સાબરમતીથી જયપુર, જયપુરથી દિલ્હી અને દિલ્હીથી હરિદ્વાર ગયા. પૂ.શ્રીએ છેલ્લી દિવાળી કપડવંજ મુકામે કરી.
- પૂ.શ્રીએ ૧૯મી નવેમ્બરની બપોરે બે વાગે લીંચને અને લીંચના બચુભાઇ રાવલ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી)ને યાદ કર્યા.

- પૂ.શ્રીએ ૧૯મી નવેમ્બર ને મંગળવારે રાત્રે નવ ને દશ મિનિટે પથારીમાં સુતા સુતા ૐ ૐ કરતાં કરતાં દેહલીલા સંકેલી લીધી.
- પૂ.શ્રીના દેહને હરિદ્વારથી દિલ્હી મોટરમાં, દિલ્હીથી અમદાવાદ ચાર્ટર્ડ વિમાનમાં અને અમદાવાદથી નારેશ્વર મોટરટ્રક દ્વારા લાવવામાં આવ્યો. અમદાવાદથી સવારે સાડા  દસે નીકળેલી ટ્રક નારેશ્વર રાત્રે દસ વાગે આવી.
- તા. ૨૧મી નવેમ્બર ને ગુરુવારે રાત્રે સાડા અગિયાર વાગે મુ. અલવણીદાદાએ અગ્નિસંસ્કાર કર્યા ત્યારે ગણેશપુરી (મુંબઇ)ના સિદ્ધયોગી શ્રી મુક્તાનંદબાબા હાજર હતા. પચાસ હજાર જેટલા ભક્તોથી નારેશ્વર ખીચોખીચ હતું. યોગાનુયોગ પૂ.શ્રીની જન્મ તારીખ અને અંત્યેષ્ટિ સંસ્કારની તારીખ એક જ- ૨૧મી નવેમ્બર- રહી.
- પૂ.શ્રીના દેહને જયાં અંત્યેષ્ટિ સંસ્કાર થયા ત્યાં જ સંવત ૨૦૨૭ના મહા સુદ પાંચમ ને રવિવાર (વસંત પંચમી) તા. ૩૧-૧-૧૯૭૧ના રોજ રંગમંદિરમાં પૂ.શ્રીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા થઇ.

**અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત.**

●

# યોગાનન્દપંચકમ્ ।

સચ્ચિત્કંદં સૌખ્યસિન્ધું વિશાલં
કારુણ્યાબ્ધિં લોકકલ્યાણસેતુમ્ ।
ટેમ્બેસ્વામિપ્રાપ્તયોગાદિદીક્ષં
યોગાનન્દં તં સુધન્યં નમામિ ॥ ગુ ॥

ગ્રામેડરણ્યે પ્રવ્રજન્તં મહાન્તં
ગુંજગ્રામે બ્રહ્મલીનં સુલીલમ્ ।
કુણ્ડીદણ્ડૌ ધારયન્તં યતીન્દ્રં
યોગાનન્દં જ્ઞગણ્યં ગૃણામિ ॥ रु ॥

અજ્ઞાનાન્ધ્યં જ્ઞાનદૃષ્ટ્યા નિવાર્ય
સ્વાનન્દાદ્રિં તુન્નયન ભક્તવૃંદાન્ ।
શ્રેયઃપ્રેયશ્ચોભયં યો વિધત્તે
યોગાનન્દં તં વરેણ્યં વ્રજામિ ॥ दे ॥

બ્રહ્મીભૂતૌ લોકદૃષ્ટ્યાડપિ યોડત્ર
શ્રદ્ધાવદ્‌ભિર્દૃશ્યતે જાગ્રદેવ ।
કામાઁશ્ચેષાં પૂરયન્ સ્મર્તૃગામી
યોગાનન્દં તં શતાબ્દં સ્મરામિ ॥ व ॥

બાલે બાલો યો જડે જાડ્યપૂર્ણો
મત્તે મત્તો યઃ પિશાચે પિશાચઃ ।
બુદ્ધે બુદ્ધો યોડવધૂતેડવધૂતો
યોગાનન્દં તં પ્રશાન્તં પ્રપદ્યે ॥ द ॥

શ્લોક પંચકમેતદ્ધિ રંગમાનસનિર્ગતમ્ ।
યઃ પઠેદ્ ભક્તિતો નિત્યં યોગાનન્દં સ સંવ્રજેત્ ॥ त्त ॥

રંગ અવધૂત

# (આત્મ પરિચય)
## (રાગ : ભૈરવી, તાલ:કહરવા)

જ્યારે પતન થશે દેહનું આ.
લોકો કહેશે કોણ હતો આ ?
ક્યાંથી આવ્યો ? હાય ! ગયો ક્યાં ?
નવ જાણ્યું હા ! આજ લગી કાં ? ........ પતન ૧

ના બોલ્યો કંઇ, મૌન ધર્યું ના !
ના ભટક્યો કંઇ, સ્થિર રહ્યો ના !!
હાં હાં કરતાં લોપ થયો ક્યાં ? ........ પતન ૨

મેઘાડંબર ઘોર છવાયું,
અંધતમે ચોદિશ હા વ્યાપ્યું !!
ક્ષણ ચમકારે નભ ચમકાવ્યું !! ........ પતન ૩

ઘા દિલના બેચાર રુઝાવ્યા !
દુઃખ આંસુડાં કંઇક નિવાર્યા !!
પ્રેમવેણ કંઇ મૂક ઉચ્ચાર્યા !!! ........ પતન ૪

ફૂલ ગુલાબો ખૂબ હસાવ્યાં !
બુલબુલ છાતીફાટ રડાવ્યાં !!
વનઝરણાં કંઇ મંદ નચાવ્યાં !!! ........ પતન ૫

પ્રેમખજાનો ખૂબ લુંટાવ્યો !
લૂંટ્યો તે મન અતિ હરખાયો !!
અન્ય રડી રડી મન પસ્તાયા !!! ........ પતન ૬

કંકર શંકર કંઇક પૂજાવ્યા !
શંકર કંકર કંઇક બનાવ્યાં !!
આનંદાશ્રુ રંગ નિહાળ્યા !!! ........ પતન ૭

ના લાવ્યો કંઇ, સાથ લીધું ના !
ના આવ્યો ત્યાં વાત ગયો ક્યાં ?
રંગ જેમનો તેમ રહ્યો આ !!! ........ પતન ૮

રંગ અવધૂત

●